**સુવિચાર**

હંમેશા વધુ વ્યકિતનું હિત થાય તેવું વિચારવું જોઈએ તેમજ વધુ વ્યકિતને સુખ અને શાંતિ મળે તેવું કરવું જોઈએ.

:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૬/૦૧/૨૦૨૪, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

amreli express

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.






તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવંત ૨૦૮૦ માગસર વદ-૧૦ વર્ષ : ૧૫ અંક : ૦૨૨


## આરટીઆઈ એકટીવીસ્ટ નાથાલાલ સુખડીયાએ પ્રધાનમંત્રીને વધુ વિસ્ફોટક વિગત સાથે પત્ર પાઠવ્યો

# સાવરકુંડલા-અમરેલી વચ્ચેની જમીન સંપાદનમાં કરોડોનાં ભ્રષ્ટાચારની આશંકા

**સાંસદ તેમજ ટોચનાં મહેસુલી અધિકારી સામે પણ પુનઃ ગંભીર આક્ષેપો થતાં ચકચાર મચી**

**સાંસદ પરિવારનાં પાંચ-પાંચ સદસ્યોનાં નામની જમીન યુધ્ધનાં ધોરણે બિનખેતી થઈ હોય ગેરરીતિની શંકા વધુ મજબુત**

**જમીન સંપાદન થવાનું હોવાનું જાણીને જ તાત્કાલીક ખેતીની જમીનો બિનખેતી કરવામાં આવી હોવાનો આક્ષેપ**

**લોકસભાની ચૂંટણી ડોકીયા કરતી હોય તેવા જ સમયે સાંસદ સામે ગંભીર આક્ષેપો થતાં ચકચાર મચી**

અમરેલી, તા. ૫

મહુવા-સાવરકુંડલા-અમરેલી-બગસરા-વડિયા-જેતપુર વચ્ચેનાં હયાત માર્ગને નેશનલ હાઈવે વિભાગને સોપાયા બાદ તે માર્ગને ફોરલેન બનાવવા માટે જરૂરી જમીન સંપાદન કરવાની કામગીરી સાવરકુંડલા-અમરેલી વચ્ચે ચાલી રહી છે. તેવા સમયે ઊંચુ વળતર મેળવવા ખેતીની જમીનો યુધ્ધનાં ધોરણે બિનખેતી કરવાની કામગીરી અમરેલીનાં સાંસદ તેમજ મહેસુલી અધિકારીનાં મિલાપીપણાથી થયાની વિગતો થોડા દિવસો પહેલા મીડિયા મારફત જનતા સુધી પહોંચી હતી. જેમાં આરટીઆઈ એકટીવીસ્ટ નાથાલાલ સુખડીયાએ પ્રધાનમંત્રીને પત્ર પાઠવેલ જેમાંથી વિગતો પ્રકાશમાં આવી હતી.

હવે નાથાલાલ સુખડીયાએ પ્રધાનમંત્રીને વધુ એક પત્ર વિસ્તૃત વિગતો સાથે પાઠવતા પુનઃ આ પ્રકરણ ચકચારી બની ગયું છે. તેઓએ પત્રમાં જણાવેલ છે કે, અમરેલી-મહુવા-જેતપુર નેશનલ હાઈવે નંબર ૩૫૧ને ચાર માર્ગી બનાવવા માટે ભારત સરકારના સડક પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય ધ્વારા ૨૦૧૭-૨૦૧૮થી આ રસ્તાના નિર્માણ માટે બજેટમાં સમાવેશ કરી પ્રાથમિક મંજુરી ભારત સરકાર ધ્વારા આપવામાં આવેલ હતી. જેની આગળની પ્રક્રિયા રૂપે જિલ્લા કલેકટર નેશનલ હાઈવે ઓથોરીટીના અધિકારીઓ ધ્વારા જમીન સંપાદન કરવા માટેના સર્વે નંબરોની જોઈન્ટ માપણી તેમજ સંપાદન અધિકારી પ્રાંત કલેકટર અમરેલીને નિમણૂંક કરેલ જેની વર્ષ ૨૦૨૧થી ડીઆઈએલઆર અમરેલી સંપાદન અધિકારી-અમરેલી ધ્વારા જોઈન્ટ માપણી માટેની નેશનલ હાઈવે ઓથોરીટી ધ્વારા જરૂરી માપણી ફી પેટેની રકમ ભરવામાં

અનુસંધાન પાના ૬ ઉપર




**યુવા આઈકોન મુકેશ સંઘાણીનાં સેવાયજ્ઞમાં સૌ કોઈ યથાશકિત આહુતી આપી રહ્યા છે**

# પ્રેરણાદાયી કાર્ય : અમરેલીમાં નિર્માણાધિન સારહિ તપોવન આશ્રમને સમાજ શ્રેષ્ઠી દ્વારા ૧૧-૧૧ લાખની સહાય

**ઉદ્યોગપતિ કાળુભાઈ ભંડેરી અને જયવંતભાઈ (જયલાભાઈ) ફિણાવાએ કરી મદદ**







અમરેલી, તા. ૫

અમરેલીના યુવા આઈકોન અને સારહિ યુથ કલબનાં માધ્યમથી છેલ્લા ૩૦ વર્ષથી સેવાની જયોત પ્રજ્જલિત કરનાર મુકેશ સંઘાણીનાં સ્વપ્નસમાં તપોવન (વૃધ્ધાશ્રમ) આશ્રમનું નિર્માણ પુરજોશમાં ચાલી રહયું છે અને તેઓનાં સેવાયજ્ઞમાં સમગ્ર અમરેલી જિલ્લો અને બહારનાં સેવાભાવીઓ યથાશકિત આહુતિ આપીને પ્રેરણાદાયી કાર્ય કરી રહયા છે. તેવા જ સમયે અમરેલીનાં બે ઉદ્યોગપતિઓ પણ મદદે આવ્યા છે અને બન્નેએ રૂપિયા ૧૧-૧૧ લાખ આપવાની જાહેરાત કરી છે.

અમરેલી ખાતે સારહી તપોવન આશ્રમની શુભેચ્છા મુલાકાતે પધારેલ 'સંસ્થાની પ્રગતિથી પ્રભાવિત થઈને ઉદ્યોગ અગ્રણી જયવંતભાઈ (જયલાભાઈ) ફિણાવા તરફથી અગ્યાર લાખ રૂપિયા તથા કાળુભાઈ ભંડેરી તરફથી અગ્યાર લાખ રૂપિયા સારહી યુથ કલબ ઓફ અમરેલી સંચાલિત સારહી તપોવન આશ્રમના નિર્માણ કાર્ય માટે તા. ૪/૧/૨૦૨૪ના રોજ અનુદાન આપેલ. સાથો સાથ સંસ્થાની સેવાકીય પ્રવૃતિઓની વિગત મેળવી સંસ્થાની પ્રગતિ અંગે સારહી તપોવન આશ્રમના સ્વપ્ન દ્રષ્ટા-પ્રમુખ મુકેશભાઈ સંઘાણી અને સમગ્ર સારહી પરિવારને શુભકામનાઓ પાઠવી હતી.

આ તકે સારહી પરિવાર વતી સારહી તપોવન આશ્રમનાં સ્વપ્ન દ્રષ્ટા લોકસેવક મુકેશભાઈ સંઘાણી, અમર ડેરીનાં ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા, વજુભાઈ પટેલ, નગરપાલિકાના પુર્વ કારોબારી ચેરમેન સુરેશભાઈ સેખવા, અમરેલી શહેર ભાજપ મહામંત્રી રાજેશભાઈ માંગરોલિયા, શિક્ષણ સમિતિનાં ચેરમેન તુષારભાઈ જોશી, ડિસ્ટ્રિકટ ચેમ્બર ભગીરથભાઈ ત્રિવેદી, નગરપાલિકાના પુર્વ પ્રમુખ પ્રતિનિધિ ચંદુભાઈ રામાણી સહિતનાં પદાધિકારીઓ ઉપસ્થિત રહેલ. સારહી પરિવાર વતી હૃદયપુર્વક આભાર માનવામાં આવેલ.



### સુરતનાં ઘનશ્યામભાઈ પટેલ વિરૂધ્ધ ફરિયાદ

# રાજુલા : મોબાઈલ ટાવર ઉભા કરી આપવાનાં નામે છેતરપીંડી કરવામાં આવી

## સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી

અમરેલી, તા. ૫

સુરત ગામે રહેતા ઘનશ્યામભાઈ લક્ષ્મણભાઈ પટેલ નામના આરોપીએ ઈન્ડસ ટાવર કંપનીના એક ટાવર તથા બે હબ સંદીપભાઈ ઉર્ફે ઓધડભાઈ લાલજીભાઈ મકવાણાની સિધ્ધી વિનાયક કોમ્પ્લેકસની જમીનમાં ઉભા કરી બનાવી આપવાના તથા જેતપુર ખાતે હબ બનાવી આપવાના તેમજ તેના ભાડા પેટે રૂપિયા અપાવવાનો વિાસ અને ભરોસો આપી ટાવર નાંખવાના ઓફીસ ચાર્જ, સ્ટેમ્પ પેટે ઘનશ્યામભાઈ લક્ષ્મણભાઈ પટેલે પોતાના કાળુપુર બેન્ક સુરત શાખાના એકાઉન્ટ નં. ૦૪૩૧૦૧૧૧૧૮૬ માં રૂપિયા જમા કરાવવાનુ કહી જગ્યામાં ટાવર તથા હબ બનાવી આપવાનો વિાસ અને ભરોસો આપી અને વિાસમાં લઈ સંદીપભાઈ ઉર્ફે ઓધડભાઈ લાલજીભાઈ મકવાણા પાસેથી આરોપીએ કટકે કટકે કરીને કુલ રૂપિયા ૨૪,૬૧,૫૦૦ મેળવી લઈ ટાવર ફીટ નહી કરી કે તેનુ ભાડુ કે એડવાન્સ નહી આપી સાથે કુલ રૂા. ૨૪,૬૧,૫૦૦ની છેતરપીંડી અને વિાસઘાત કરી તેમજ સાહેદ દિપકભાઈ બાબરીયા (રહે. રાજુલા) વાળાને પણ આરોપીએ આવી જ રીતે વિાસમાં લઈ સાહેદ પાસેથી રૂા. ૯૨,૦૦૦ મેળવી આરોપીએ ફરિયાદી તથા સાહેદ સાથે કુલ રૂપિયા ૨૫,૫૩,૫૦૦ ની છેતરપીંડી અને વિાસઘાત કરી ગુન્હો કર્યા અંગેની ફરિયાદ નોંધાઈ છે.

### રૂપિયા ૫૦ હજારનાં રૂપિયા ૯૭૩૦૦ લીધા

# અમરેલીમાં વગર લાયસન્સે નાણા ધિરનાર વિરૂધ્ધ ગુન્હો નોંધાયો

## ધિરધારે ધમકી પણ આપી હતી

અમરેલી, તા. ૫, અમરેલીનાં બહારપરામાં રહેતા એજાજભાઈ શાહમહમદભાઈ નાગાણીએ દીકરીના દવાખાનાના કામે પૈસાની જરૂર હોય જેથી અમરેલીમાં રહેતા સમીરભાઈ ઉર્ફે ભુરાભાઈ અબ્દુલભાઈ બીલખીયા પાસેથી રૂપિયા ૫૦,૦૦૦ વ્યાજે લીધેલા હતા. જેમાં કટકે–કટકે રૂપિયા ૯૭,૩૦૦ પરત આપેલ હોવા છતાં પૈસાની ઉઘરાણી કરી ગાળો આપી ટાટીયા ભાંગી નાખવાની ધમકી આપી સમીરભાઈ પાસે વ્યાજે પૈસા આપવાનું લાયસન્સ ન હોય છતાં ગેરકાયદેસર નાણાનું વ્યાજ લઈ એકબીજાની મદદગારી કર્યાની ફરિયાદ નોંધાઈ છે.

### સ્થાનિક પોલીસની ટીમે ચેકીંગ કરતા

# બગસરા : આશાપુર સીઝન સ્ટોર નામની દુકાનેથી ચાઈનીઝ દોરી ઝડપાઈ ગઈ

## દુકાનધારક મેહુલભાઈ હડીયલ વિરૂધ્ધ ગુન્હો નોંધાયો

બગસરા, તા. ૫

બગસરા પોલીસ સ્ટેશનના પ્રો.ના.પો.અધિ સી.બી. સોલંકી તથા પો.ઈન્સ કે.સી. પારગીના સીધા માર્ગદર્શન હેઠળ આજ બગસરા પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા ટાઉન વિસ્તારમાં આવેલ દોરી પંતગોની દુકાનો દુકાનો ચેક કરવા સારૂ પેટ્રોલીંગ ફરતા – ફરતા ગોંડલીયા ચોક પાસે આવતા બાતમીરાહે હકીકત મળેલ કે વિજયચોકમાં આવેલ આશાપુરા સીઝન સ્ટોરની દુકાને પતંગ ઉડાડવાની ચાઈનીઝ બનાવટની પ્લાસ્ટીકની દોરી, ફીરકી વેંચાણ કરવા સારૂ પોતાની દુકાને લાવેલ છે. જે દુકાનમાં જઈ ઝડતી તપાસ કરતા ચાઈનીઝ


તસ્વીર : સમીર વિરાણી–બગસરા

પ્લાસ્ટીકની દોરીની ફીરકીઓ નંગ–૧૦ની કુલ કિ. રૂા. ૨૦૦૦ તથા ચાઈનીઝ દોરીનું કોકડુ નંગ–૧ની કિ. રૂા. ૩૫૦ મળી કુલ મુદામાલ કિ. રૂા. ૨૩૫૦ રાખી મળી આવેલ હોય. જે ઈસમ વિરૂધ્ધ બગસરા પોલીસ સ્ટેશનએ પાર્ટ ગુ.ર. નંબર ૧૧૧૯૩૦૦૯૨૪૦૦૦૯/૨૦૨૪ આઈ.પી.સી. કલમ ૧૮૮ મુજબનો ગુન્હો રજી. કરી ધોરણસર કાર્યવાહી કરવામાં આવેલે. પકડાયેલ આરોપીની વિગત : (૧) મેહુલભાઈ કિશોરભાઈ હડીયલ.

### કોઈ અગમ્ય કારણોસર

# અમરેલીના ગિરધરનગરમાં રહેતા મંયકભાઈ ત્રિવેદીએ ઝેરી દવા પી લીધી

## સારવાર દરમિયાન તેઓનું મોત થયું

અમરેલી, તા. ૫, અમરેલીના લાઠી રોડ ઉપર રહેતા ગિરધર નગર સનફલાવર સ્કુલની બાજુમાં રામેશ્વર હનુમાનજી મંદિર સામે રહેતા મયંકભાઈ કિશોરચંદ્ર ત્રિવેદીએ પોતાનાં ઘરે હતા ત્યારે કોઈ અગમ્ય કારણોસર પોતે પોતાની મેળે કોઈપણ ઝેરી દવા પી જતા સારવાર દરમ્યાન મરણ ગયાનું પોલીસમાં જાહેર થયેલ છે.

### યુવા ભાજપ અગ્રણી મનિષ સંઘાણીનાં વરદ્ હસ્તે

# કુંકાવાવ ખાતે જરૂરિયાતમંદોને ધાબળા વિતરણ

## સરદાર પટેલ ગૃપ દ્વારા પ્રેરણાદાયી કાર્ય

અમરેલી, તા. ૫

કુંકાવાવ ખાતે શ્રી સરદાર પટેલ ગૃપ અને કુંકાવાવ શહેર ભારતીય જનતા યુવા મોરચાનાં સંયુકત ઉપક્રમેં કુંકાવાવ શહેરમાં રહેતા જરૂરિયાત મંદ લોકોની ચિંતા કરવામાં આવી હતી. ત્યારે આ કડકડતી ઠંડીમાં આવા જરૂરિયાત મંદ લોકો બચી શકે તેવા ઉમદા હેતુથી ગુજરાત પ્રદેશ ભારતીય જનતા યુવા મોરચાનાં ઉપાધ્યક્ષ મનીષ સંઘાણીનાં વરદ હસ્તે જરૂરિયાત મંદ લોકોના ઘરે ઘરે જઈ અને ધાબળા વિતરણ કરવામાં આવેલ હતું. ત્યારે શ્રી સરદાર પટેલ ગૃપનાં સદસ્યોં અને કુંકાવાવ શહેર ભારતીય જનતા યુવા મોરચાના કાર્યકર્તા ઉપસ્થિત રહ્યા હતાં.



# રાજુલા : બારપટોળી–સરોવરડા વચ્ચેનો માર્ગ અતિ બિસ્માર



રાજુલા, તા. ૫

જાફરાબાદ અને રાજુલા બે તાલુકાને જોડતો સરોવડા બારપટોળી રોડ બિસ્માર હાલતમાં છે આ રોડ ઉપર અત્યારે બસ પણ હાંકવી મુશ્કેલ છે અવારનવાર તંત્રને રજૂઆત કરવા છતાં બે મહિનાથી કોઈ રોડ રીપેરીંગ ન કરતા હવે બસ ચાલકો પણ કહે છે આઠ દિવસમાં રોડ રીપેરીંગ નહીં થાય તો એસટી બંધ કરવામાં આવશે. મોટું વાહન હાલી શકે તેવી સ્થિતિ નથી. આ રોડ ઉપર રસ્તો ટૂંકો હોવાથી શોર્ટકટ પડતો હોવાથી આ રોડ ટીંબી દુધાળા નાગેશ્રી શોર્ટકટ થતો હોવાથી મોટાભાગના વાહનો આ રોડ ઉપર જ શરૂ છે હવે આ રોડ રીપેરીંગ નહીં થાય તો વિદ્યાર્થીઓને આવવા જવાની બસ પણ બંધ થશે તેના માટે બાંધકામ ખાતાના કાર્યપાલક ઈજનેર જવાબદાર રહેશે. એક તો વિદ્યાર્થીઓનો અભ્યાસ બગડે અને સામાન્ય માણસો આ બસમાં બેસીને રોજીરોટી કમાવવા રાજુલા જતા હોય છે તેનો પણ ધંધો બંધ થાય તેવી સ્થિતિ નિર્માણ થઈ છે રાજુલાના નાયબ કાર્યપાલક અધિકારી તાત્કાલિક રસ્તો સર્વે કરી બારપટોળી સરોવડા કંથારીયા ચોતરા સુધી સર્વે કરી જંગલ કર્ટીંગ કરાવે તેવી માંગણી તાલુકા પંચાયતના કારોબારી ચેરમેન અનિરૂદ્ધભાઈ વાળાએ કરી છે.

# લીલીયા : જી.આર.ડી.ની ભરતી પ્રક્રિયામાં ૨૬૨ અરજીઓ આવી



લીલીયા, તા. ૫

લીલીયા મોટા પોલીસ મથક ખાતે તારીખ ૧ થી ૫ જાન્યુઆરી ૨૦૨૩ એમ પાંચ દિવસ ગ્રામ રક્ષક દળની ભરતી માટે પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ. જેમાં ૫૧ પુરુષોની જગ્યા સામે ૨૪૪ ઉમેદવારોનાં ફોર્મ આવ્યા અને ૮ મહિલાઓની જગ્યા સામે ૧૮ મહિલા ઉમેદવારોની અરજી આવેલ. કુલ ૫૯ જગ્યાની સામે ૨૬૨ ઉમેદવારોએ ઉમેદવારીઓ નોંધાવી છે. ગ્રામ રક્ષકમાં ભરતી થવા માટે અભ્યાસ મિનિમમ ૩ ધોરણ અને વય મર્યાદા ૨૦ વર્ષથી ૫૦ વર્ષ હોવી જોઈએ. વર્તમાન સમયમાં ખેતી અને હીરા ઉદ્યોગમાં ભયંકર મંદી હોાના કારણે ગ્રામ્ય કક્ષાએથી વધુ સંખ્યામાં યુવાનો જોડાયા હોય એવું લાગી રહ્યું છે. તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

# રાજુલાના દીપડિયા ગામનું ગૌરવ

રાજુલા, તા. ૫

રાજુલા તાલુકાનું નાનુ એવુ ગામ દીપડીયા ગામ જયાં આશરે ૨૦૦૦ની વસ્તી ધરાવતું આ ગામ જયાં બારૈયા બાલુભાઈ ભવાનભાઈ ઉ. ૨૮ વર્ષ જે દિવ્યાંગ છે અને ભાવનગર ભરૂચા ક્રિકેટ મેદાનમાં ભરૂચા કલબનાં કોચ જોગરાણાના આ ધ્યાનમા આ છોકરો આવી જતા ગત ૨૫–૧૨–૨૩ની ટી.ટવેન્ટી ભારત અને નેપાળ વચ્ચે રમવા માટે બારૈયા બાલુનું સીલેકશન કરવામાં આવેલ અને આ દિવ્યાંગ બાલુ સમયસરની તાલીમ લઈને આ મેચમાં કે જે આગરા મુકામે રમાયેલ હતો એમા ભારતને વિજયી બનાવી આજે માદરે વતન દીપડીયા ગામે આવતા સમગ્ર રાજુલા તાલુકાની જનતાએ તેમનુ સન્માન કરેલું આ



અગાઉ બાલુ આ પહેલા કેરલ સામે ૨૦૨૧માં રમી ચુકયો છે તેમજ શીરડી મહારાષ્ટ્ર, સંગમનેર, વિગેરે રાજયોમાં ટુર્નામેન્ટ રમી ચુકેલ છે બાલુના પરિવારમા કુલ ૫ ભાઈ બહેન છે અને બધાજ પરિણીત છે. અને ખેતીના વ્યવસાય સાથે જોડાયેલા છે બાલુંનો મુખ્ય શોખ ક્રિકેટ છે.

# અમરેલીનાં ગજેરા સંકુલની મુલાકાતે હાસ્યકાર ઘનશ્યામભાઈ લાખાણી



અમરેલી, તા. ૫

અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રીમતિ શાંતાબેન હરીભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલની મુલાકાતે ખ્યાતનામ હાસ્યકલાકાર તેમજ ગમ્મત સાથે જ્ઞાન પીરસનાર એવા ઘનશ્યામભાઈ લાખાણી આવેલ અને સંસ્થાની તમામ વિભાગની રૂબરૂ મુલાકાત લીધેલ. હોસ્ટેલ તેમજ રસોડા વિભાગમાં જઈ અને વિદ્યાર્થીનીઓને જણાવેલ કે ગુજરાત રાજયમાં આવી સસ્તી અને પૌષ્ટિક ભોજન પીરસતી સંસ્થા મે જોઈ નથી. ત્યારે આનંદ અને મોજથી અભ્યાસ કરશો. માતા પિતાની ચિંતા હળવી કરશો. તેમ સંસ્થા વતી વલ્લભભાઈ રામાણીની યાદીમાં જણાવાયું છે.

### વનવિભાગે ૩ આરોપીઓને ઝડપી લીધા

# ફાચરીયા ગામે નદીકાંઠે રાખોલી ધાર વિસ્તારમાં શિકાર માટે જાળ ગોઠવવામાં આવી

## રૂપિયા ૭૫ હજાર રીકવરી પેટે વસુલ કરાયા

અમરેલી, તા. ૫

જાફરાબાદ રેન્જના ટીંબી રાઉન્ડની હેમાળ બીટમાં આવેલા ફાચરીયા ગામે નદી કાંઠે રાખોલી ધાર વિસ્તારમાં વન્યપ્રાણીઓનો શિકાર કરવા માટે બાવળનીકાટમાં જાળ ગોઠવી આજુ–બાજુના વિસ્તારમાંથી વન્યપ્રાણીઆને તગેડી/ભગાડી જાળમાં ફસાવવા માટે જાળ બાંધી, તથા વન્યપ્રાણીઆના દર પાસે જાળ ગોઠવી શિકાર કરવાની કોશિષ કરતાં હતા અને વન્યપ્રાણીઓનો શિકાર કરવાની પ્રવૃતીઓ કરતાં હતા.

આ બાબતની જાણ સ્થાનીક સ્ટાફને થતા વનપાલ ટીંબીના આઈ.એચ.પઠાણ, વનરક્ષક હેમાળન, જી.ડી.ચૌહાણ, ટ્રેકર્સ તખુભાઈ પરમાર, ટ્રેકર્સ ભૂપતભાઈ કોટીલા રાત્રીના સમય દરમ્યાન બાવની કાટમાં છુપાઈને વોચ રાખતા હતા અને વહેલી સવારે કૃત્ય કરનાર આરોપી મુકેશ લાલજીભાઈ પરમાર (રહે. ફાચરીયા તા. જાફરાબાદ) તથા આરોપી લાલજીભાઈ ભાણાભાઈ પરમાર (રહે. ફાચરીયા તા. જાફરાબાદ)



સ્થળ પર આવેલ અને કોઈ વન્યપ્રાણી ગોઠવેલ જાળમાં ફસાયુ છે કે કેમ ? તે તપાસ કરતાં હતા અને જોતાં હતા ત્યારે ઝડપાઈ જતાં અને આરોપી જેન્તીભાઈ મેરાભાઈ પરમાર રહે. ફાચરીયાવાળાએ મદદગારી કરી શિકાર કરવાની કોશિષ કરેલ હોય, એમ ત્રણેય આરોપીએ એક સંપ કરી ગુન્હો આચરેલ હતો. સ્થળ પર લાલજીભાઈ ભાણાભાઈ પરમાર પકડાઈ જતાં વનરક્ષક રોહિસા એન.ચુડાસમા પણ સ્થળ પર પહોંચેલ અને ધોરણસર કાર્યવાહી કરી તેમના વિરૂધ્ધ વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ–૧૯૭૨ ની કલમ– ૨, ૨(૧૬), (૩૫), (૩૬), ૯, ૫૦, ૫૧, ૫૨, ૫૪ મુજબ વનરક્ષક હેમાળ દ્વારા બીટ ગુ.નં–૦૧/૨૦૨૩ –૨૪ ગુનો દાખલ કરેલ છે. અને વનપાલ ટીંબી આઈ. એચ. પઠાણ દ્વારા ગુન્હાની તપાસ કરી હતી. ઝડપાયેલા આરોપીઓ દ્વારા ગુન્હો કબૂલ કરતા વનપાલ ટીંબી આઈ.એચ.પઠાણ દ્વારા ત્રણેય આરીપીઓ પાસેથી એડવાન્સ રિકવરી પેટે આરોપી દિઠ રૂપિયા ૨૫,૦૦૦ લેખે દંડ મળી કૂલ ૩ (ત્રણ) આરોપીઓ પાસેથી રૂ.૭૫,૦૦૦ એડવાન્સ રિકવરી પેટે રકમ વસૂલ કરવામાં આવેલ છે. અને ઉપરોકત ત્રણેય આરોપીઓને જામીન પર મુકત કરવામાં આવેલ છે.

### વન્યપ્રાણી અને રેલ્વે અવારનવાર આમને સામને

# સા.કુંડલા પંથકમાં સિંહણ માલગાડી હડફેટે આવી જતાં ઈજાગ્રસ્ત બન્યા બાદ ચલાલા નજીક સિંહણ અને ૪ બચ્ચા ટ્રેક ઉપર

## રેલ્વે અને વનવિભાગે પ્રાણીઓની સુરક્ષા વધારવી જરૂરી

અમરેલી, તા. ૫

અમરેલી જિલ્લામાં પસાર થતાં રેલ્વે ટ્રેક આસપાસ વસતાં સિંહ પરિવાર છાશવારે રેલ્વે ટ્રેક ઉપર આવી જતાં હોય છે જેને લઈ અતિ દુર્લભ એવા વન્ય પ્રાણીઓ ઘાયલ થતાં હોય છે અથવા તો મોતને ભેટે છે. હજુ બે દિવસ પહેલાં જ સાવરકુંડલા નજીક એક સિંહણ માલગાડી હડફેટે આવી જતાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં સારવાર માટે ખસેડાયાની ઘટનાની શાહી સુકાય નથી ત્યાં ગઈકાલે રાત્રીના સમયે જ ધારી નજીક ચલાલાના રેલ્વે ટ્રેક પાસે એક સિંહ પરિવારે શિકાર કર્યો હતો. પરંતુ આ બનાવ અંગે વન વિભાગને જાણ કરતાં વનવિભાગ દોડી ગયું હતું અને રેલવે ટ્રેક નજીકથી સિંહણ તથા સિંહબાળને મારણ સાથે રેલ્વે ટ્રેકથી દુર ખસેડાતા વનવિભાગની સતર્કતાને કારણે સિંહ પરિવારનો આબાદ બચાવ થતાં વન્ય પ્રેમી લોકોમાં હાશકારો થયો હતો.



આ બનાવમાં જાણવા મળતી વિગત મુજબ ગઈકાલે રાત્રીના સમયે જ ધારી નજીક ચલાલાના રેલ્વે ટ્રેક પાસે એક માદા સિંહણ અને ૪ સિંહબાળ સાથે રેલ્વે ટ્રેક નજીક ગાયનો શિકાર કર્યો હતો. અને રેલ્વે ટ્રેક ઉપર રાત્રે જુનાગઢથી અમરેલી જતી ટ્રેન પસાર થવાની હોય, આ સિંહ પરિવાર મારણ ઉપર હોય ત્યારે ટ્રેન હડફેટે આવી જવાની પુરી શકયતા હોય, જેથી આ બનાવ અંગે વન વિભાગને જાણ કરતાં વનવિભાગ દોડી ગયું હતું અને રેલવે ટ્રેક નજીકથી સિંહણ તથા સિંહબાળને મારણ સાથે રેલ્વે ટ્રેકથી દુર ખસેડવામાં આવેલ હતા. વનવિભાગની સતર્કતાને કારણે સિંહ પરિવારનો આબાદ બચાવ થતાં વન્ય પ્રેમી લોકોમાં હાશકારો થયો હતો.

### એસ.પી.ની સુચનાથી એલસીબીની કાર્યવાહી

# વડિયા ગામની સીમમાંથી વિદેશીદારૂની ૩૭૫ બોટલો સાથે એક ઈસમ ઝડપાયો

## આરોપી હેમરાજ ઉર્ફે ભયલુભાઈ વિરૂધ્ધ કાર્યવાહી

અમરેલી, તા. ૫

વડીયા ગામની સીમમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂની બોટલો નંગ ૩૭૫, કિંમત રૂપિયા ૧,૨૯,૮૩૪ ના મુદ્દામાલ સાથે એક ઈસમને અમરેલી એલ.સી.બી. પોલીસે ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહે અમરેલી જિલ્લામાથી દારૂની બદી દુર કરવા પ્રોહિબીશનના વેચાણ, સંગ્રહ અને હેરફેરની પ્રવૃતિ કરતા ઈસમો ઉપર વોચ ગોઠવી તેમના ઉપર સફળ રેઈડ કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હોય, જે અન્વયે અમરેલી



એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ. પટેલની રાહબરી નીચે એલ.સી.બી.ટીમ ગત તા.૪ ના રોજ વડીયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન બાતમી રાહે હકીકત મળેલ કે,વડીયા ગામની સીમમાં જગદીશ બાબુભાઈ હરખાણીની વાડીએ આવેલ ગોડાઉનમાં હેમરાજ ઉર્ફે ભયલુ ભાભલુભાઈ વાળા એકબીજાના મીલાપીપણાથી ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલો રાખી વેચાણ કરે છે,જે મળેલ બાતમીના આધારે રેઈડ કરતા હેમરાજ ઉર્ફે ભયલુ ભાભલુભાઈ વાળા, (રહે. વડીયા) વાળા ઈસમને ભારતીય બનાવટના વિદેશી દારૂની અલગ–અલગ બ્રાંડની કુલ બોટલ નંગ–૩૭૫ કિમત રૂપિયા ૧,૨૯, ૮૩૪ ના મુદ્દામાલ સાથે પકડી પાડી, તથા સંડોવાયેલ આરોપી જગદીશ બાબુભાઈ હરખાણી, (રહે. વડીયા) વિરૂધ્ધ ધોરણસર કાર્યવાહી કરી, પકડાયેલ આરોપી તથા મુદ્દામાલ આગળની કાર્યવાહી થવા વડીયા પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

# અમરેલીનાં રમેશ શિંગાળા લાલઘુમ એનસીપીનાં નેતાનાં વિવાદાસ્પદ નિવેદન સામે રોષનો માહોલ

## આગામી ચૂંટણીમાં એનસીપીનાં રામ રમી જશે

અમરેલી, તા. ૫

અમરેલીનાં યુવા અગ્રણી અને આખાબાલો રમેશ શિંગાળાએ "ભગવાન રામ" અંગેના એનસીપીના નેતાના અખબારી નિવેદન ઉપર આકરી પ્રતિક્રિયા આપતા જણાવેલ છે. શિંગાળાએ અત્યંત આક્રમક અને ભરી પીવાના ભાવ સાથે મુંબઈના વિદ્યાયક જીતેન્દ્રને આડે હાથ લેતા કહ્યું કે આ નેતાને ખ્યાલ હશે જ કે તેમના બાપ–દાદાના આખરી પડાવમાં તેઓ પણ "રામ બોલો ભાઈ રામ..." બોલીને આખરી વિદાય આપી હશે. રામ એ પરમવિશ્વ ચેતના છે એ નહિ ભુલવું જોઈએ, કોંગ્રેસ–એનસીપી માનસીક માંદગી ભોગવી રહ્યા છે તેમની સારવાર માટે ચૂંટણીઓ આવી રહી છે તેમા તેમના જ રામ રમી જવાના છે.

વધુમાં જણાવેલ છે કે, વનવાસ દરમ્યાન ભગવાન રામ એ અસુરોને હર્ણા, શબરીના બોર ખાધા હતા, જટાયુને મોક્ષ આપ્યો, માનવકલ્યાણના આવા કાર્યોની સરાહના કરવાને બદલે રામ વિશે મનફાવે તેમ બોલવું ઈન્ડીયા ગઠબંધનને શોભતું નથી તેવી ટકોર ઘંમડીયા નેતાઓને અંતમાં કરી છે.

લાઠ
સ્વ
અમરેલી

# વિચાર શક્તિનું તત્વજ્ઞાન

## વિચાર શકિત (THOUGHT POWER)

**લેખક : બ્રહ્મલીન શ્રી સ્વામી શિવાનંદ સરસ્વતી**

જેમ વસંત ઋતુમાં વૃક્ષની શોભા ખુબ વધી જાય છે. તેવી જ રીતે તમારૂં બળ, તમારી બુદ્ધિ અને તમારૂં તેજ તમારા શુદ્ધને શુભ વિચારનાં પ્રમાણમાં વધતાં જશે. સામાન્ય લોકોનાં સંકલ્પ કરતા જ્ઞાનીના સંકલ્પો તદન જુદા જ પ્રકારનાં હોય છે. સંસાર પ્રત્યેના જેટલા તમારા સંકલ્પો ઉદાસીન તેટલા જ પ્રમાણમાં તમે સંસારથી મુકત થવાના.

જેમ જેમ તમારા મનમાંથી શુદ્ધ વિચારો નીકળવા માંડશે. તેમ તેમ ઈશ્વરી સનાતન નિયમ તમને મદદ કરવા માંડશો. તમે તમારા પોતાનાં સંકલ્પોને જાણો છો. તમને જે જે અનુભવ થયા છે તે પણ તમે જાણો છો . તમારામાનાં દરેકમાં સંસારનાં અનુભવનું વ્યકિતગત જુદુ જુદુ સ્વરૂપ થયું હોય છે. કેમ કે તમારૂં મન મર્યાદિત છે અને તે પરિવર્તનશીલ સ્વભાવ અને પરિસ્થિતિને વશ છે.

**૪ – કેટલાકં સંકલ્પ બીજ**

ખરૂં જ્ઞાન એ આધ્યાત્મિક જ્ઞાન છે. તેનાથી પોતાનાં ખરા સ્વરૂપનું ભાન થાય છે. જ્ઞાન એટલે સત્ય સમજણ અથવા ખરૂં મૂલ્યાંકન, ડહાપણ, અને પોતાનાં તેમ જ બીજાનાં તત્વનું સંપુર્ણ દર્શન, સાચા સંકલ્પ દ્વારા સાચું કાર્ય અને સાચુ જીવન પરિણમે સૌદર્ય એ તત્વતઃ આધ્યાત્મિક છે. ખરૂં સૌદર્ય પોતાનાં હૃદયમાં રહેલું છે. ચારિત્રમાં રહેલું છે. આત્મશુદ્ધિમાં રહેલું છે. સૌદર્ય સદગુણોમાં પ્રકાશે છે.પ્રેમ એ આખા વિશ્વ સાથે શુદ્ધ અંતર્ગત એકતાની ભાવના છે.પ્રેમ એટલે સ્વાર્થત્યાગને સ્વાર્પણ.

પ્રેમ એ હૃદયની પવિત્રતા છે. પ્રેમ એટલે અબાધિત શુભેચ્છા, દયા, કરૂણા અને ઉદારતા પ્રેમ એટલે વિષયભોગનો ત્યાગ.

શરીરએ સર્વસ્વ નથી. શરીરમાં રહેનારી એવી કોઈ વસ્તુ છે જે ખુબ ઉપયોગી છે અને તે મનુષ્યનો આત્મા છે. જો કે તે બ્રહ્મ સાથે એકરૂપ છે, છતાં જીવના વ્યકિગત કર્મથી તેનું સ્વરૂપ અલગ પડી ગયું છે. શરીર ચાલ્યું જાય છે, પણ આત્માનું અલગ અસ્તિત્વ દેખાય છે. જો પોતાનાં કર્મનાં ફળરૂપે બીજુ શરીર ધારણ કરવાનું ન હોય તો તેને પોતાનાં મુળ આધારરૂપ બ્રહ્મમાં લીન થવા માટે પાછું ફરવું પડે.

દરેક વસ્તુનો લય થાય છે. જયારે જીવ શરીરને છોડી દે છે ત્યારે તેના કર્મ સિવાય બીજુ કંઈ તેની સાથે જતું નથી. માટે જયાં સુધી જીવન છે ત્યાં સુધી મનુષ્યે બીજાઓની સાથે સુખશાંતિથી પ્રેમને સહકારની ભાવના સહિત જીવવું જોઈએ. તેણે કોઈ પ્રકારે બીજાને ઈજા કરવી નહિ, સાંસારિક સમૃદ્ધિની ઈચ્છા કરવી નહિ ને સંસારનાં વિષયો પ્રત્યે ઉદાસીનતા સેવવી જોઈએ. વળી, પોતાનાં કરેલા કાર્યમાં અહંભાવ ન રાખતાં પુર્વ કર્મનું ફળ ભોગવતા નવાં કર્મ ન બંધાય તેનું ધ્યાન રાખવું જોઈએ, બધા જીવો પ્રત્યેનું વલણ દયા, ક્ષમા ને ઉદારતાભર્યુ હોવુ જોઈએ.

જરા વધારે સંતોષ, વિવેક ઈશ્વર પ્રત્યેની ભકિત ને તેની ઈચ્છા અનુસાર સ્વાર્પણ, વૈરાગ્ય, કોઈ પાસેથી કોઈપણ વસ્તુ મેળવવાની લાલસાનો અભાવ, પ્રાર્થના, અંતરાત્માના વલણનું અનુસરણ, પોતાનાં આધ્યાત્મિકને નૈતિક સિદ્ધાંતોમાં અચળ શ્રધ્ધા અને સાચા મૂલ્યાંકનથી જીવન વધારે લાયક અને વધારે સુખી બને છે.


જો તમારે મુશ્કેલીઓ હોય તો પ્રથમ તમારે તેના કારણની તપાસ કરવી જોઈએ, ખરી મુશ્કેલી કારણ પ્રત્યે બેદરકારી સેવવાની છે. જો કારણને દુર કરવામાં આવે તો મુશ્કેલીઓ ઓછી થાય છે. અથવા માત્ર આકસ્મિક બને છે. જગત એ મહાન શાળા જેવું છે જેમાં જીવને પોતાનું ચારિત્ર સુધારી વધારે સારા થવા માટે અનેક તકો આપવામાં આવે છે.

કોઈ મનુષ્ય જન્મથી સંપુર્ણ હોતો નથી. દરેકમાં પોતાની જાતની સુધારણા માટે શકયતાઓ રહેલી હોય છે. અડચણો અને મુશ્કેલીઓથી બીજાઓ પ્રત્યે પુર્વગ્રહો બંધાવાનો બદલે અને હૃદય તેમ જ મનને સંકુચિત બનાવવાને બદલે મનુષ્ય વધારે સારો બનવો જોઈએ. હંમેશા મહાન ને ઉમદા વિચારોનું સેવન કરો અને સંપુર્ણતા મેળવો.

ગુરૂની કૃપા હંમેશા શિષ્ય પર વરસતી જ હોય છે. અને તે પણ સંપુર્ણ રીતે અને વગર શરતે. પણ આ કૃપાનો યોગ્ય રીતે ઉપયોગ કરવો કે નહિ તે શિષ્યનાં પુરૂષાર્થ, શ્રધ્ધાને આત્મશુદ્ધિ પર આધાર રાખે છે. ગુરૂ પોતાનાં શિષ્યોના હૃદયમાં રહે છે. કેટલાક આ વાતને જાણે છે. ત્યારે બીજાને તેની ખબર હોતી નથી. પોતાનાં હૃદયમાં ગુરૂની જીવતી જાગતી સ્મૃતિએ શિષ્યની મોટામાં મોટી પુંજી છે.

# મારું કામ

મારું કામ મને કરવા દો
પ્રતિદિન
ખેતરમાં કે જંગલમાં
ટેબલ પર કે કારખાનમાં,
ઘોંઘાટભરી શાકબજારમાં કે
શાંત નીરવ ખંડમાં,
મારા હૃદયમાં હું એટલું કરી
શકું રઝળું ઈચ્છાઓ જયારે
મને
આડમાર્ગે ખેંચી જાય
ત્યારે–
આ મારું કામ છે, મારું
વરદાન, મારો શાપ નહિ.
સહુ જીવંત લોકોમાં,
હું જ એ છું,
જે આ કામ સારામાં સારી
રીતે કરી શકે.
પછી એ જોવાની મારે
જરૂર નથી,
કે આ બહુ મોટું કામ છે કે
સાવ નાનું:
શ્રમભરી મારી ઘડીઓને હું
પ્રસન્નતાથી આવકારીશ.
અને લાંબા પડછાયા ઢળે
ત્યારે સંધ્યાટાણે,
હું રમી શકીશ, ચાહી શકીશ,
આરામ કરી શકીશ.
કારણ કે,
મારું કામ મેં શ્રેષ્ઠ રીતે પુરું
કર્યુ છે,
એની મને જાણ હશે !
**– હેન્રી વાન ડાઈક**





**: સંપાદક :**
**દેવેન્દ્ર એલ. ત્રિવેદી**
**(પુનિતપદરજ)**

**"બીજો માણસ શું કરે છે, શું કહે છે, કે શું માને છે તે તમારે જોવાનું નથી... તમને જે ઠીક લાગે તે કરવાની સ્વતંત્રતાનો તમને હકક છે તેવો તમે દાવો કરો છો, તો તમારે તે જ સ્વતંત્રતા અન્યને પણ આપવી જોઈએ."**
**– મહાત્મા કૂટહૂમી**

# આપેલ ચિત્રમાં મનગમતાં રંગો પૂરો



# પૂ. ડોંગરેજી મહારાજની અમૃતવાણી



## શ્રીમદ્ ભાગવત મહાત્મ્ય

૩૦૧ – તમારા સંગમાં આવેલાને ભકિતનો રંગ ન લાગે તો માનજો તમારી ભકિત કાચી,

૩૦૨ – આજકાલ ફેશન અને વ્યસન પાછળ સમય અને સંપતિનો મહાવ્યય થાય છે. વ્યસનમાં પાગલ થયેલો મનુષ્ય ભગવાનની સેવા કરી શકતો નથી. જેને ઈશ્વરનું આરાધન કરવું છે. તે ફેશનમાં કે વ્યસનમાં ફસાય નહીં.

૩૦૩ – ભકિત વ્યસનરૂપ બને છે. ત્યારે મુકિત મળે છે.

૩૦૪– ભોજન વગેરેમાં વિષમતા કરશો નહી.

૩૦૫ – જ્ઞાની પુરૂષનું પતન કામથી નહી પણ ક્રોધથી થાય છે.

૩૦૬ – સેવામાં પ્રમાદ કરે તેનું પતન થાય છે.

૩૦૭ – સાધકને જીવનના છેલ્લા શ્વાસ સુધી સાવધાન રહેવાની જરૂર છે.

૩૦૮ – જગત મારા માટે શું બોલે છે. તે જાણવાની ઈચ્છા રાખશો નહી, પણ જગદીશ્વર મારા માટે શું કહેશે તેનો ખ્યાલ રાખજો.


૩૦૯ – ઘરને ઠાકોરજીનું નામ આપો.

૩૧૦ – નામ અને રૂપનો મોહ ન છુટે ત્યાં સુધી ભકિત થતી નથી.

૩૧૧ – જ્ઞાનમાર્ગમાં જ્ઞાનીઓને વિઘ્ન કરનાર અભિમાન છે. અભિમાનનાં મુળમાં ક્રોધ છે.

૩૧૨ – જ્ઞાનમાર્ગમાં વિઘ્ન કરનારા લોભે છે. લોભથી ભકિતનો નાશ થાય છે.

# લીલી દીવાલ (પર્યાવરણ કથા)



માણસે ઝાડવાંને વાત કરી. ઝાડવાંઓએ પંખીઓને કહ્યું; ને પંખીડાંઓએ વાદળાંને એ જ વાત કરી : "રણ મુટ્ઠીઓ વાળીને દોડતું દોડતું આવી રહ્યું છે ! જંગલો તરફ, ખેતરો તરફ, શહેરો તરફ, ગામડાં તરફ !" અને સૌ ભારે ચિંતામાં પડી ગયા.

હા, ગમે તેમ કરીને રણને આગળ વધતું રોકી દેવું પડશે. પાછું વાળવું પડશે. એમ સૌએ નક્કી કર્યુ. આપણે સૌ રણને પાછું કાઢીને જ રહીશું. સૌએ મક્કમ નિર્ણય કર્યો. હવે આપણે એ જ કામ કરવાનું છે. આકાશમાં દોડાદોડી કરતાં વાદળ ાં થંભી ગયાં. રણની સામે જોઈને વાદળાંએ પડકાર કર્યો. "બસ, હવેપાછું વળી જા. એક ડગલુંએ આગળ ખસતું નહિ. તું જયાં છે ત્યાં જ રહેજે !" વાદળાંનો ભીનોભીનો અવાજ સાંભળી રણને ભારે ગુસ્સો ચઢયો. એ લાલચોળ અવાજમાં બોલ્યું : "તમે વળી મને રોકવાવાળા કોણ !! જુઓ, હું તો દોડતું આવું છું મારે તો ચારેકોર ફેલાઈ જવું છે. બધે રેતનાં પથારા કરી દેવા છે! લીલાશને ખાઈ જવી છે; મને ભૂખ લાગી છે. ભીનાશનું ટીપેટીપું પી જવું છે; મને કાળી તરસ લાગી છે.....!" અને રણ તો દોડવા લાગ્યું. આગળને આગળ જાય દોડયું જાય દોડ્યું. એના ગરમગરમ શ્વાસ વાયરો બનીને સૂસવાટા મારતા હતા. ઊડતી રેતીની રણઝણાટી સંભળાતી હતી. રણ મુટ્ઠીઓ વાળીને દોડતું દોડતું આવી રહ્યું હતું.

સૌ જોઈ રહ્યાં રણનું કાળઝાળ રૂપ. સૌ ડરી ગયાં ! હવે શું કરવું? રણ તો ભારે ખાઉધરું. ખેતરો, વાડીઓ, બગીચા અને જંગલોને ખાઈ જશે. ને તોય પાછું ભૂખ્યું ને ભૂખ્યું. એની તરસ તો જમાના જૂની. આખાઆખા તળાવ, નદીઓ અને કૂવા પણ પી જશે. તોય પાછું તરસ્યુંને તરસ્યું જ રહેશે. હવે શું કરવું ? કંઈક ઉપાય ગોતવો પડશે !

માણસો, પંખીઓ, ઝાડવાં અને વાદળાં સૌ ઊંડા વિચારમાં પડી ગયાં ! આ રણને રોકવું જ પડશે. નહિતર એ ચારેકોર ફેલાઈ જશે! ખેતર, વાડી, વન, બગીચા, બધાં રણમાં ફેરવાઈ જશે ! કંઈક એવો ઉપાય કરીએ કે, રણ ડગલુંય આગળ ન વધે અને પાછું ચાલ્યું જાય. એ વિચારતાં હતાં ત્યાં રણને આવતું ભાળ્યું. જંગલો, ખેતરો, બગીચા અને વાડીઓ બીકના માર્યા ફફડતાં હતાં. એમને થતું હતું કે, "આ રણ નક્કી આપણો કોળિયો કરી જશે !"

હવે તો એનો સામનો કર્યે જ છૂટકો. ચાલો સૌ તૈયાર થઈ જાઓ ! અને સૌ તૈયાર થઈ ગયાં. પંખીઓએ ઝાંડવાનાં ફળો ખાઈને એના ઠળિયા–બીજ રણના રસ્તામાં વેરી દીધા. શીળા પવનની છાની છાની લહેર આવી. એણે બીજ પર ધૂળ ઉડાડીને ઢબૂરી દેવાનું કામ કર્યુ. ને વાદળાં ધોધમાર વરસવા લાગ્યાં. થોડાંક મોટાં જબ્બર ઝાડવાં ચાલતાં ચાલતાં આવ્યાં અને રસ્તામાં વચ્ચોવચ ઊભા રહી ગયાં.

કહે : "અમે રણની આડાં ઊભાં રહીને અમારી લીલી દીવાલ ઊભી કરી દઈશું! રણની ત્રેવડ નથી કે અમારી દીવાલ વટાવીને આગળ જઈ શકે? જુઓ, અમે તો અમારું કામ શરૂ કરી દીધું છે! તમેય તૈયાર થઈ જાઓ! હવે રણને પાછું કાઢય જ છૂટકો!"

પંખીઓ ટહુકવા લાગ્યા. વાદળાં વરસવાં માંડયાં. ધૂળમાં ધરબાયેલા ઠળિયાં–બી અંકુર બનીને બહાર નીકળવા લાગ્યા. એમાંથી છોડ થયા. છોડમાંથી મોટાં ઝાડ થયાં. રણના રસ્તામાં જ પેલા ઝાડવાં છાતી કાઢીને ઊભાં હતાં તેની પાસે જઈને ઊભા રહી ગયાં. ને ખોંખારો ખાઈને બોલ્યાં : "જોઈએ હવે કેમ કરીને રણ આગળ વધે છે ?! અમારી લીલી લીલી દીવાલ વટાવીને આગળ વધવાનું રણનું ગજુ નથી !"

માણસો કહે : "અમે તમારી સાથે છીએ. તમારી સંભાળ રાખીશું. હવે તો રણને પાછા વળવું જ પડશે !" ધીમે ધીમે કરતાં રણના રસ્તા પર એક લીલીછમ્મ દીવાલ ઊભી થઈ ગઈ. ઊંચી ઊંચી અને લાંબી લાંબી હરિયાળી દીવાલ ! દીવાલ લંબાતી ગઈ.....ઊંચી થઈ ગઈ! પાછી વળી લંબાઈને પહોળી થતી ગઈ! રણનો રસ્તો રોકાઈ ગયો. રણ તો ડઘાઈ ગયું. ડરી ગયું. હવે કેમ કરીને આગળ જવું ? રસ્તામાં આડી ઊભી છે ઊંચી ઊંચી લાંબી લાંબી લીલી દીવાલ !


રણ ગભરાઈને મનોમન બોલ્યું : "ભારે થઈ ! હવે આગળ કેમ જવું ? મારો રસ્તો તો સાવ રોકાઈ ગયો છે ! હવે શું થશે? આગળ જવાશે નહિ...." અને ડરી ગયેલા રણના મોંમાંથી એક ચીસ નીકળી ગઈ. "ભાગો રે બાપ!"

રણ તો મુટ્ઠીઓ વાળીને પાછું ભાગ્યું જાય ભાગ્યું ! જાય ભાગ્યું ! પાછું વળીને જુએ પણ નહિ. માંડયું દોડવા.....! માણસો, ઝાડવાં, પંખીઓ, વાદળાં એને પાછું જતું જોઈ રહ્યાં. સૌ ખુશખુશાલ થઈને ખડખડાટ હસી પડયાં. રણ પાછા પગલે મુટ્ઠીઓ વાળીને ભાગી રહ્યું હતું. ઊંચી ઊંચી લાંબી લાંબી લીલી દીવાલ મરક મરક થતી મન મૂકીને મલકાતી હતી, અને કહેતી હતીઃ "હવે કોઈ દિવસ રણ આ બાજુ આવવાનું નામ નહિલે !"

**– કરસનદાસ લુહાર**

# મહાન વૈજ્ઞાનિક

## આલ્ફ્રેડ બર્નહાર્ડ નોબેલ




## જ્ઞાનમંજરી

**નદીઓ પર વસેલા નગરો**

૭૭. અમદાવાદ કઈ નદીનાં કિનારે વસેલું છે ? – સાબરમતી
૭૮. અયોધ્યા કઈ નદીનાં કિનારે વસેલું છે ? – સરયુ
૭૯. કોલકતા શહેર કઈ નદીના કિનારે વસેલું છે ? – હુગલી
૮૦. હૈદરાબાદ કઈ નદીનાં કિનારે વસેલુ છે ? – મુસી
૮૧. જમશેદપુર કઈ નદીના કિનારે વસેલુ છે ? – સુવર્ણરેખા
૮૨. ઉજજૈન કઈ નદીનાં કિનારે વસેલું છે ? – ક્ષિપ્રા
૮૩. ગયા કઈ નદીનાં કિનારે વસેલું છે ? – ફલ્ગુ

**ભારતનાં મહત્વનાં સ્થળો**

૮૪. ગાંધી આશ્રમ કયા શહેરમાં આવેલો છે ? – અમદાવાદ
૮૫. સુવર્ણ મંદિર કયા રાજયમાં આવેલો છે ? – પંજાબ
૮૬. તાજમહલ કયાં શહેરમાં આવેલો છે ? – આગરા(ઉત્તરપ્રદેશ)
૮૭. શિલ્પસ્થાપત્ય માટે જગમશહુર ગુફાઓ કયા રાજયમં આવેલી છે ?
– ઈલોરા(મહારાષ્ટ્ર)


## ઝળહળ ઝાકળ

**લેખક : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા**


### કડ(વી) વાણી

પોતાનાં ગમતા માણસો સાથે ગમતા વિષયો પરની ગમતી વાતો કરવાનું સૌને ગમે છે, તેમાં કયારેક કો'ક અણગમતી–છતાં સાચી વાત સાંભળતા કોઈ ગુસ્સે થઈ જાય છે, જાણે–ગાયના ઘી વડે બનાવેલા શીરામાં દાઢને હલબલાવી મૂકે એવો કાંકરો આવી ગયો ન હોય ? પવન કોઈપણ દિશામાંથી ફૂંકાય, સ્થિરતા જાળવવી આપણા હાથની વાત છે. કયારેક અણગમતી છતાં સત્ય વાતને પણ માણવી એની પણ એક મજા છે. કડવાણી પણ ફાયદાકારક છે–તનને ને મનને !


# આ મારું ચિત્ર છે





**ખનક સમીરભાઈ ખુંટ**
**(ધોરણ–એચ.કે.જી–ગેજરા સંકુલ)**




**ચાવડા રવિના સુરેશભાઈ**
**(ધોરણ–૭–જેર્શીંગપરા, કન્યાશાળા, અમરેલી)**



**દાફડા જાનવી**
**(ધોરણ–૬–એ–રૂપાયતન સ્કૂલ)**



**અગ્રાવત ધન્વી મેહુલભાઈ**
**(ધો.૨–શાળા : રૂપાયતન અમરેલી)**

# અમરેલી : જીજીબેન ગર્લ્સ હાઈસ્કૂલે રાષ્ટ્રીયકક્ષાએ ગોલ્ડ મેડલ મેળવી સિધ્ધિ હાંસલ કરી



તા.૩૦–૩૧ ડિસેમ્બર ૨૦૨૩ દરમ્યાન છત્તિસગઢ મુકામે નેશનલ મેથ્સ કોન્વેન્શનનું આયોજન થયેલ. જેમાં શાળાની વિદ્યાર્થીનીઓ કું. ચાપાનેરી નિત્યા, કુ. બોદર પ્રિન્સીએ શાળાનાં ગણિત–વિજ્ઞાન શિક્ષક એન.એન. ઝાલાનાં માર્ગદર્શન હેઠળ તૈયાર કરેલ. ગણિત–મોડેલને દેશનાં જાણિતા વૈજ્ઞાનિકો ફાધર ઓફ યુનિવર્સ(બ્રહ્માંડ)નાં માનવીય જે.જે રાવળ, ઈસરોનાં ડો. ભટ્ટ, મેથ્સ ગુરૂ બી.એન. રાવ વગેરે મહાનુભાવોનાં હસ્તે વિદ્યાર્થીની બહેનોને ગોલ્ડ મેડલ એનાયત થયેલ. આ સાથે નેશનલ કક્ષાએ ગોલ્ડ–મેડલ મેળવેલ શાળાની વિદ્યાર્થીની બહેનોનું તેમજ માર્ગદર્શક શિક્ષક તથા વાલીઓનું કુમકુમ તિલક, પુષ્પગુચ્છથી સ્વાગત અમરેલી જિલ્લાનાં નવ નિયુકત કાર્યક્રમ અધ્યક્ષ જિલ્લા શિક્ષણાધિકારી ગોહિલ તથા આચાર્ય રોહિતભાઈ મહેતા–સુપરવાઈઝર ઈલાબેન ત્રિવેદી તથા સમગ્ર શાળા પરિવારે ભવ્ય સ્વાગત કરીને સન્માનિત કરેલ. આ કાર્યક્રમમાં જિલ્લાનાં નવ નિયુકત કર્તવ્યનિષ્ઠ જિલ્લા શિક્ષણાધિકારી મનોહરસિંહજી ગોહિલનું શાળાનાં આચાર્ય રોહિતભાઈ મહેતા, ઈલાબેન ત્રિવેદી, ભાવેશભાઈ, બાબુભાઈ તથા સમગ્ર શાળા સ્ટાફ પરિવારે શાલ, પુષ્પગુચ્છ તેમજ રક્ષા પોટલી બાંધીને સ્વાગત કરેલ–સાથે કચેરીનાં નિખિલભાઈ વસાણી તેમજ શાસનાધિકારી આશીષભાઈ જોષી પણ ઉપસ્થિત રહેલ. આ શાળા સિધ્ધિને શાળાનાં ટ્રસ્ટી રમેશભાઈ વિઠલાણી, હિરેનભાઈ વિઠલાણી, પૂર્વીબેન સાકરીયાએ અભિનંદન– શુભેચ્છા પાઠવેલ તથા સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો. જસ્મીનાબેન ખંધેડિયાએ કરેલ.

પાના ૧ ઉપરનું ચાલું

## સાવરકુંડલા–અમરેલી વચ્ચેની જમીન

કલેકટર અને મહેસુલ સચિવ ગુજરાત સરકારને મોકલવામાં આવતા હતા. જે બાબતેની તમામ જાણકારી જિલ્લા કલેકટર, સાંસદ અમરેલીને હતી. તેમ છતાં મે તા. ૨૭/૧૨/૨૦૨૩ની અરજીમાં જણાવ્યા મુજબ નારણભાઈ કાછડીયાની જમીન મોજે ચરખડીયા તા. સાવરકુંડલાની સર્વે નંબર ૩૩૨ ખાતા નં. ૧૬૪ ક્ષેત્રફળ ૯–૧૩૩.૦૦ ચો.મી. પૈકી ૫૦૦૦/– ચો.મી. બિનખેતી કરેલ છે. જેની નોંધ માત્ર ૧૭ દિવસમાં મંજુર કરેલ અને તા. ૧૬/૧૧/૨૦૨૩ના નોંધ પાડવામાં આવેલ છે. તેમજ મોજે સાવરકુંડલા સર્વે નંબર ૧૫૦/પૈકી ૨ ખાતા નંબર ૮૨૪ ક્ષેત્રફળ ૧૯.૪૨૫ ચો.મી. પૈકીની ૮.૦૯૪/– ચો.મી. બીનખેતી તા. ૧૮/૭/૨૦૨૩થી નોંધ પાડવામાં આવેલ જે મેં અગાઉની અરજીમાં જણાવેલ. આ કામે વધુમાં મોજે સાવરકુંડલાની સર્વે નંબર ૧૫૦/પૈકી ૧ કાળુભાઈ ભીખાભાઈ કાછડીયા (સાંસદના ભાઈ)ની તા. ૩૦/૬/૨૦૨૩ બીનખેતીની નોંધ મંજુર કરવામાં આવેલ છે. તેમજ તેના નાના ભાઈ કાળુભાઈ ભીખાભાઈ કાછડીયા વિગેરેની ચરખડીયાની સર્વે નંબર ૨૨૩ની જમીન તા. ૩૦/૬/૨૦૨૩ના બીનખેતી નોંધ મંજુર કરવામાં આવેલ છે તેમજ તેના ભાઈ કાછડીયા ચતુરભાઈ ભીખાભાઈ વિગેરે મોજે ચરખડીયાની સર્વે નંબર ૩૩૦ બીનખેતી તા. ૨૭/૬/૨૦૨૩નાં નોંધ પાડી બીનખેતી મંજુર કરવામાં આવેલ. આમ એક જ પરિવારની પાંચ અલગ અલગ જીમનો બીનખેતી કરવામાં આવી તેમજ તેઓના માણસ તરીકે પુંજીપતી નિવૃત્ત એટીડીઓ રહે. સાવરકુંડલા હર્ષદ મધુકાંત દવેના નામથી તેમજ તપનભાઈ હર્ષદભાઈ દવે નામથી તાત્કાલીક લાપાળીયા તા. અમરેલી ગામની જમીન સર્વે નંબર ૩૬૦ જુનો સર્વે નંબર ૩૧ ક્ષેત્રફળ ૪,૨૫૨ ચો.મી. બિનખેતી તા. ૨૧/૧૦/૨૦૨૩ મોજે લાપાળીયા સર્વે નંબર ૨૩૪ જુનો ૯૨/૨ ક્ષેત્રફળ ૧૪૪૫ ચો.મી. બીનખેતી તા. ૨૦/૧૦/૨૦૨૩ ક્ષેત્રફળ ૫.૫૦૨ બીનખેતી તા. ૨૩/૧૦/૨૦૨૩ તેમજ હર્ષદભાઈ મધુકાંતભાઈ દવે મોજે મોટા ગોખરવાળા સર્વે નંર ૧૧ પૈકી ૧ ક્ષેત્રફળ ૩,૫૪૧ ચો.મી. બીનખેતી તા. ૧/૯/૨૦૨૩ મોજે મોટા ગોખરવાળા સર્વે નંબર ૧૦/૧ પૈકી ૪,૧૪૮ ક્ષેત્રફળ ચો.મી. જમીન બીનખેતી તા. ૪/૯/૨૦૨૩ તેમજ ચરખડીયાની જમીનો પણ આ રોડમાં સર્વે નંબરો કપાત થાય છે તેને પણ બીનખેતી કરવામાં આવેલ છે. આવી જ રીતે રોડ એલાર્ટમેન્ટમાં આવતા ઓળીયાના જુના હાઈવેના ગામથી બારોબાર કાઢવા માટેનો પ્લાન બનાવી રોડના તમામ સર્વે નંબરોના ખેડૂતો સાથે ક્રમશઃ સાંસદના મળતીયાઓએ મુલાકાત કરી ખાનગી એમઓયુ કરી એ જમીન પણ બીનખેતી કરવામાં આવેલ છે. આવી જ રીતે ખીજડીયા નવા તા. અમરેલી, જિ. અમરેલીના ખેડૂતો સાથે પણ બેઠક યોજી બીનખેતી તાત્કાલીક કરાવી દેવામાં આવેલ છે. આમ આ રોડ બનવાનો છે તેવી કલેકટર અમરેલી અને સાંસદ નારણભાઈ કાછડીયાને સંપૂર્ણ માહિતી હતી તેમજ સંપાદન અધિકારી ધ્વારા ખેડૂતોને તા. ૮/૨/૨૦૨૨, ૨૨/૩/૨૦૨૨ ના ખેડૂતોને જમીન કપાત અંગેના પત્રો પાઠવી તા. ૧૩/૧/૨૦૨૨ ના ભારત સરકારના ગેઝેટના ભાગ–સેકશન–૩ સબ સેકશન ૨ પાના નં. ૧ થી ૧૭ અને તા. ૧૭/૧/૨૦૨૨ ના ગેઝટ પાના નં. ૧ થી ૨૫ ઉપર તથા દૈનિક સમાચાર પત્રની તા. ૫/૨/૨૦૨૨ની આવૃતિમાં સમાચારમાં આ રોડ અંગેની જાહેર પ્રસિધ્ધિ નંબર ભારત સરકારના જાહેરનામ નં. એચઓ ૨૧૬૪ (ઈ) તા. ૧૯/૧/૨૦૨૧ અનુસાર અમરેલી–જેતપુર હાઈવેને ચાર માર્ગી કરવામાં સંપાદીત થાય છે તેવા પત્રો સક્ષમ અધિકારી જમીન સંપાદન એનએચ ૩૫૧ અને સબ ડીવીઝન મેજી. અમરેલી ધ્વારા ખેડૂતોને જાણ કરવામાં આવે જેથી કલેકટરથી લઈને જવાબદાર તમામ અને આ હાઈવે બનવાની સંપૂર્ણ જાણકારી હતી અને આ લોકોએ બીજુ જાહેરનામુ તા. ૨૨/૧૧/૨૦૨૩ના બહાર પડે તે પૂર્વે તેના નકકી થયેલ એમઓયુ વાળા અરજદારો પાસે ઓનલાઈન અરજી કરાવી આ સમય મર્યાદામાં બીનખેતી મંજુર કરાવી લેવામાં આવેલ તેમજ નવા ખીજડીયા, લાપાળીયા, મોટા ગોખરવાળા, ઓળીયાનાં એકલ દોકલ રીતે બીનખેતી કરવા મુકેલ અરજીઓ દફતરે કરી દેવામાં આવેલી. જેથી ઈરાદાપૂર્વક રાષ્ટ્રીય નાણાનું ઉંચુ વળ તર મેળવવા અને સરકારી નાણાનું નુકસાન પહોંચાડવા આ આયોજનપૂર્વક ષડયંત્ર ગોઠવવામાં આવ્યું હોય તેમ આ સમયગાળા દરમ્યાન રાત્રીના ૯–૦૦ થી ૧૦–૦૦ વાગ્યા સુધી કલેકટર ઓફીસે તેના મળતીયા ખેડૂતોને બોલાવી બીનખેતી કરવામાં આવી. આમ સાંસદ તરીકે શપથગ્રહણ કરેલ હોવા છતાં અને તેના પરિવારજનોની બીનખેતી જમીન કરાવી સરકારી નાણાનો આર્થિક ફાયદો ઉઠાવવા સ્પષ્ટપણે દેખાઈ આવે છે. આ બાબતને ગંભીરતાથી લઈ સરકાર નાણા આ લોકોના ખાતામાં જમા થાય તે પૂર્વે તપાસ કરી યોગ્ય તમામ જવાબદારો સામે કાર્યવાહી થવા અને ષડયંત્ર ગોઠવવા બાબતે ફોજદારી રાહે પગલા ભરવા અંતમાં માંગ કરેલ છે.

## અવસાન નોંધ

**દામનગર :** નાનાભાઈ ભરવાડ (ભોરીંગડા.) મોંઘીબેન સોંડાભાઈ કસોટીયા ( ઉ. વ.– ૮૦ ) તે ચોથાભાઈ, પાતાભાઈ, મેરાભાઈ અને બાઘાભાઈના માતુશ્રી તેમજ ભુરાભાઈ હાજાભાઈ સાસલા (દામનગર.) અને રામભાઈ હાજાભાઈ સાસલા (દામનગર– સુરત) ના ફઈનું તા.૦૪–૦૧–'૨૪ ને ગુરૂવારના રોજ ભોરીંગડા (તાલુકો–લીલીયા) મુકામે અવસાન થયેલ છે.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૮ | ૧૪૩૬ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૮૯૫ | ૯૦૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૫૧ | ૧૩૦૧ |
| ૨ | શીંગ મોટી | ૧૨૦૦ | ૧૪૪૧ |
| ૩ | શીંગ મઠડી | ૧૨૦૦ | ૧૪૨૧ |
| ૪ | તલ સફેદ | ૨૫૦૦ | ૩૨૦૦ |
| ૫ | તલ કાળા | ૨૭૦૦ | ૩૩૦૦ |
| ૬ | જીરૂ | ૧૫૦૦ | ૩૭૦૦ |
| ૭ | કપાસ | ૧૨૦૦ | ૧૪૭૦ |
| ૮ | ઘઉં લોકવન | ૪૬૦ | ૫૭૪ |
| ૯ | ઘઉં ટુકડા | ૫૧૦ | ૬૦૨ |
| ૧૦ | બાજરો | ૪૬૦ | ૫૨૦ |
| ૧૧ | જુવાર | ૬૫૦ | ૧૦૦૦ |
| ૧૨ | મકાઈ | ૪૦૦ | ૫૫૫ |
| ૧૩ | ચણા | ૮૮૦ | ૧૦૧૦ |
| ૧૪ | સોયાબીન | ૮૫૦ | ૮૯૦ |
| ૧૫ | તુવેર | ૧૫૫૦ | ૧૮૭૬ |
| ૧૬ | ધાણા | ૧૦૫૦ | – |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૦૦ | ૧૨૯૦ |
| ૨ | શિંગ મોટી | ૧૦૦૦ | ૧૩૬૧ |
| ૩ | શિંગદાણા | ૧૨૫૦ | ૧૪૯૯ |
| ૪ | તલ સફેદ | ૧૬૦૦ | ૩૩૪૦ |
| ૫ | તલ કાળા | ૨૬૭૦ | ૩૩૦૦ |
| ૬ | તલ કાશ્મીરી | ૨૫૫૫ | ૩૯૫૫ |
| ૭ | બાજરો | ૪૩૩ | ૫૦૯ |
| ૮ | જુવાર | ૫૦૦ | ૧૧૫૧ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૯૫ | ૬૫૨ |
| ૧૦ | ઘઉં લોકવન | ૫૦૦ | ૫૮૯ |
| ૧૧ | અડદ | ૧૨૦૦ | ૧૮૫૧ |
| ૧૨ | ચણા | ૮૬૭ | ૧૦૫૫ |
| ૧૩ | તુવેર | ૧૦૦૦ | ૧૮૬૭ |
| ૧૪ | કપાસ | ૯૯૦ | ૧૪૪૪ |
| ૧૫ | એરંડા | ૧૦૦૦ | ૧૧૧૮ |
| ૧૬ | ગમ ગુવાર | ૯૪૦ | ૯૪૦ |
| ૧૭ | ધાણા | ૧૧૦૦ | ૧૩૨૦ |
| ૧૮ | મેથી | ૧૦૦૫ | ૧૨૦૦ |
| ૧૯ | સોયાબીન | ૮૧૦ | ૯૦૦ |
| ૨૦ | મરચા લાંબા | ૧૦૦૦ | ૩૧૨૦ |

પાના ૮ ઉપરનું ચાલું

## સાવર અને કુંડલાની બન્ને શાકમાર્કેટ

આવી બિલ્ડીંગોનો અસામાજિક તત્વો ગેરઉપયોગ કરતા બંધ થાય.

આ બિલ્ડીંગો ઉપરથી આ બંને મહાન સંતોના નામ દુર કરવા જોઈએ જેથી શ્રદ્ધાળુઓની ધાર્મિક લાગણી દુભાતી બંધ થાય.

અમારી તંત્રને અપીલ છે કે આ બંને પડતર બિલ્ડીંગો ઉપરથી તાત્કાલિક મહાન સંત પુરૂષોના નામ દૂર કરવામાં આવે. આવા અપવિત્ર સ્થળોને પવિત્ર સંતોના નામકરણથી જાહેર હળાહળ અપમાન અનુભવાઈ રહ્યું છે. જો નગરપાલિકા સત્તાવાળાઓ નામ દૂર ન કરે તો આ બંને મહાન મહાત્માઓ સાથે જોડાયેલા શ્રદ્ધાળ ઓએ સામૂહિક રીતે આ પવિત્ર કામ કરવાની તાતી જરૂરિયાત છે.

### રૂમ નં. ૨૧૩

**અમરેલીના મહે. બીજા એડીશ્નલ જયુ. મેજી.ફ.ક. જજ સાહેબની કોર્ટમાં, મુ. અમરેલી.**

અરજદાર :– મગનભાઈ બચુભાઈ ધાનાણી, રહે. ગજેરાપરા, સા.કુંડલા રોડ, અમરેલી. — ફોજદારી પ.અ.નં.૧૫૬/૨૦૨૨, મુ.તા. ૧૫/૧૨/૨૦૨૩

**વિરૂધ્ધ**

સામાવાળા :– અમરેલી નગરપાલીકા કચેરી–અમરેલી.

**–: જાહેર નોટિસ :–**

આથી તમામ લાગતા વળગતાઓને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, ઉપરોકત કામે અરજદારના વિ.વ. શ્રી અજય પી. પંડયા, અરજદાર, મગનભાઈ બચુભાઈ ધાનાણી, રહે. ગજેરાપરા, સા.કુંડલા રોડ, તા.જી. અમરેલી વાળાના દાદાશ્રી હરજીભાઈ કેશવભાઈ ધાનાણીનું મરણ તા. ૦૧/૦૬/૧૯૭૨ના રોજ થયેલ છે. તેવુ પ્રમાણીત કરાવી લેવા ઉપરોકત અરજી કરેલ છે. તે અંગેની નોંધ પ્રમાણીત કરાવવાનો હુકમ મેળવવા અત્રેની કોર્ટમાં અરજી આપતા તે સામે જો કોઈને વાંધો તકરાર હોય તો તેણે અત્રેની કોર્ટમાં મુ. તા. ૬/૧/૨૦૨૪ ના રોજ સવારના ૧૦:૩૦ વાગ્યે બિનચુક હાજર રહેવું જો તેમ કરવામાં કસુર કર્યેથી આગળની કાયદેસરની કાર્યવાહી આવશે.

આજરોજ તા.૨૦ માહે નવેમ્બર સને ૨૦૨૩ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

**હુકમથી**
(ઉદય પી. જોષી)
રજીસ્ટાર
ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટ
અમરેલી

**તૈયાર કરનાર** (એ.બી. રોજાસરા) આસીસ્ટન્ટ — **સિકકો** — **મુકાબલ કરનાર** (જી.ડી. કનાડા) શિરસ્તેદાર

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૨૩ | ૧૪૦૦ |
| ૨ | મગફળી | ૮૨૫ | ૧૩૦૧ |
| ૩ | જુવાર સફેદ | ૯૩૬ | ૧૦૦૦ |
| ૪ | ધાણા | ૯૦૨ | ૯૦૨ |
| ૫ | તુવેર | ૧૫૦૧ | ૧૬૩૫ |
| ૬ | સોયાબીન | ૮૩૧ | ૮૬૬ |
| ૭ | બાજરો | ૫૧૧ | ૫૧૧ |
| ૮ | ઘઉં | ૫૦૦ | ૫૦૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૫૦ | ૧૫૦૦ |
| ૨ | ચણા | ૧૦૧૦ | ૧૦૪૫ |
| ૩ | બાજરો | ૪૯૫ | ૪૯૫ |
| ૪ | ધાણા | ૧૨૫૫ | ૧૨૭૫ |
| ૫ | તલ સફેદ | ૨૯૧૭ | ૨૯૧૭ |
| ૬ | ઘઉં લોકવન | ૪૭૬ | ૫૭૧ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૩૩ | ૫૫૨ |
| ૮ | સોયાબીન | ૮૪૫ | ૮૫૫ |
| ૯ | મગફળી | ૧૧૦૦ | ૧૧૨૫ |
| ૧૦ | શીંગદાણા | ૧૩૨૫ | ૧૩૩૫ |
| ૧૧ | અડદ | ૧૦૧૫ | ૧૮૦૨ |
| ૧૨ | જુવાર | ૯૨૫ | ૯૪૦ |
| ૧૩ | તુવેર | ૧૦૨૫ | ૧૭૬૦ |
| ૧૪ | તલ કાળા | ૨૭૦૦ | ૨૭૦૦ |
| ૧૫ | ચણા સફેદ | ૧૨૧૦ | ૧૬૦૦ |
| ૧૬ | મેથી | ૯૪૫ | ૯૪૫ |

### રૂમ નં. ૨૨૪

**અમરેલીના મહે. એડીશ્નલ જયુડિશ્યિલ મેજી. ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ. અમરેલી.**

ફોજદારી પરચુરણ અરજી નં. ૧૦/૨૦૨૩
મુદત તારીખ :– ૨૬/૦૨/૨૦૨૪

દેસાઈ ભનુભાઈ ભીખાભાઈ, રહે. સલડી તા. લીલીયા, જી. અમરેલી. ......અરજદાર

**વિરૂધ્ધ**

(૧) તલાટી કમ મંત્રીશ્રી દેવળીયા ગ્રામ પંચાયત દેવળીયા તા.જી.અમરેલી. ......સામાવાળા

**–: જાહેર નોટિસ :–**

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટિસથી જણાવવામાં આવે છે કે, ઉપર જણાવેલ અરજદાર તર્ફે તેમના વિ. વકીલશ્રી એ.પી. પંડયા એ જન્મ–મરણ અધિ.ની કલમ ૧૩ (૧) બી અન્વયે અરજ આપી અરજદારના પત્નિ કૈલાસબેન ભનુભાઈ દેસાઈનું અવસાન તારીખ **૨૩/૦૨/૧૯૯૫ ના રોજ દેવળીયા મુકામે થયેલ છે. તે અંગે નોંધ** સામાવાળાના રેકર્ડમાં કરાવવા તથા મરણ પ્રમાણપત્ર મેળવવા માટે અત્રેની કોર્ટમાં અરજ કરેલ છે.

સદરહુ અરજ સબંધી કોઈપણ ઈસમને વાંધો તકરાર હોય તો તેઓ મુદત તારીખ : ૨૬/૦૨/૨૦૨૪ ના રોજ સવારના ૧૦:૪૫ કલાકે અમરેલીના એડિશનલ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટ (રૂમ નંબર–૨૨૪), અમરેલી મુકામે તમામ સાધનિક આધાર પુરાવા સાથે બિનચુક હાજર રહેશો. તેમ કરવામાં કસુર થશે તો આગળની કાદેસરની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેશો. આજ તારીખ ૦૫ માહે જાન્યુ. સને ૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યું.

**હુકમથી**
(યુ. પી. જોષી)
રજીસ્ટાર
ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટ
અમરેલી

**તૈયાર કરનાર** (જી.એન. પાથર) આસીસ્ટન્ટ — **સિકકો** — **મુકાબલ કરનાર** (એ.એ. પંડયા) સુપ્રિન્ટેન્ડન્ટ

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૧૭૫ | ૧૪૯૦ |
| ૨ | મગફળી | ૧૧૯૮ | ૧૩૦૨ |
| ૩ | તલ સફેદ | ૨૫૧૦ | ૨૯૯૦ |
| ૪ | ચણા | ૮૯૫ | ૧૦૪૫ |
| ૫ | ઘઉં | ૪૯૨ | ૫૨૮ |
| ૬ | અડદ | ૧૪૭૦ | ૧૮૦૦ |
| ૭ | ધાણા | ૧૧૬૦ | ૧૩૪૦ |
| ૮ | સોયાબીન | ૮૩૪ | ૮૪૬ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૧૦ | ૧૪૫૩ |
| ૨ | મગફળી | ૯૭૦ | ૧૨૭૦ |
| ૩ | ઘઉં | ૪૦૫ | ૫૩૫ |
| ૪ | ચણા | ૯૬૦ | ૧૦૨૫ |
| ૫ | તુવેર | ૧૧૦૫ | ૧૫૫૦ |
| ૬ | મેથી | ૧૦૯૫ | ૧૦૯૫ |
| ૭ | મઠ | ૧૧૧૦ | ૧૧૧૦ |
| ૮ | સોયાબીન | ૮૭૦ | ૮૭૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૨૭૦ | ૧૩૭૦ |
| ૨ | તલ સફેદ | ૨૮૦૧ | ૩૨૦૦ |
| ૩ | તલ પીળા | ૨૮૦૦ | ૨૮૨૫ |
| ૪ | કપાસ | ૯૦૦ | ૧૪૩૦ |
| ૫ | બાજરો | ૪૩૬ | ૫૨૫ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૬૦ | ૬૫૧ |
| ૭ | જુવાર | ૫૮૨ | ૧૨૭૬ |
| ૮ | મકાઈ | ૫૮૧ | ૫૮૧ |
| ૯ | મગ | ૧૩૬૧ | ૨૬૨૬ |
| ૧૦ | મઠ | ૧૧૬૦ | ૧૧૮૪ |
| ૧૧ | અડદ | ૧૦૦૦ | ૧૯૦૧ |
| ૧૨ | તુવેર | ૧૨૫૧ | ૧૮૧૦ |
| ૧૩ | ચણા | ૯૧૧ | ૧૨૪૫ |
| ૧૪ | સુવા | ૨૪૧૦ | ૨૪૧૦ |
| ૧૫ | અજમા | ૨૧૨૧ | ૨૧૨૧ |

# અમરેલી જિલ્લાના વિવિધ ગામમાં ઇવીએમ તથા વીવીપેટ નિદર્શન અને મતદાર જાગૃત્તિ અર્થે રથનું પરિભ્રમણ





લોકસભા સામાન્ય ચૂંટણી–૨૦૨૪ અન્વયે ઈવીએમ તથા વીવીપેટ નિદર્શન અને મતદાર જાગૃત્તિ અર્થે રથ પરિભ્રમણ કરી રહ્યા છે. આ અંતર્ગત અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના વડાલી, ઝાંઝરડા, કુંડીયાળા, મોટા રીંગણીયાળા, ખાંભા તાલુકાના સરકડીયા, પાટી, રાયડી, કોડીયા, બાબરા તાલુકાના કીડી, લીલીયા તાલુકાના એકલેરા, બગસરા તાલુકાના જામકા, જેઠીયાવદર સહિતના ગામોમાં મતદાર જાગૃતિ રથ પહોંચ્યા હતા. ચૂંટણી ફરજ પરના કર્મયોગીઓ દ્વારા આ રથ દ્વારા ઈ.વી.એમ. વિશેની માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યા હતા. મતદાન માટેની પ્રક્રિયા અંગે જાગૃતિ પ્રસરાવવામાં આવી હતી.

### લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

## અમરેલીનાં ગજેરા શૈક્ષણિક સંકુલ ખાતે શિક્ષણમંત્રી પાનસેરીયાનું આગમન

### મંત્રી સંસ્થાની કામગીરીથી પ્રભાવિત બન્યા



અમરેલી, તા.૫

અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલીત શ્રીમતિ શાંતાબેન હરીભાઈ ગજેરા શૈક્ષણીક સંકુલ ખાતે શિક્ષણ મંત્રી પ્રફુલભાઈ પાનસેરીયાની ઉપસ્થિતીમાં સ્કુલ વિભાગની ધો.૧૧–૧૨ કોમર્સની વિદ્યાર્થીનીઓનો મોટીવેશન કાર્યક્રમ યોજાયેલ મંત્રીએ સંસ્થાનાં તમામ વિભાગની મુલાકાત લીધેલ સંસ્થાનાં નિવાસી ભોજનાલય તેમજ તમામ શૈક્ષણિક વિભાગની મુલાકાત બદલ જણાવેલ કે સરકારની શિક્ષણ વ્યવસ્થા અને કામગીરીમાં યશસ્વી કામગીરી સંસ્થા કરે છે. મોટીવેશન કાર્યક્રમમાં મંત્રી ઉપરાંત સંસ્થાની બંને કમીટીનાં સદસ્યઓ જિલ્લાનાં શિક્ષણ વિભાગનાં વડાઓ સંસ્થાના નિયામક મનસુખભાઈ ધાનાણી, ચતુરભાઈ ખુંટ, વલ્લભભાઈ રામાણી, અમરેલી પટેલ સમાજનાં પ્રમુખ દિનેશભાઈ ભુવા અન્ય અગ્રણીઓ સંસ્થાનાં અધિકારી તેમજ શૈક્ષણીક સ્ટાફ હાજર રહેલ. શિક્ષણ મંત્રીએ વિદ્યાર્થીઓને જણાવેલ કે કયારેય નેગેટીવ વિચારશો નહિ. કોઈ પણ આપણને ખરાબ કહેતો તે મનમાં લેશો નહિ. સુર્ય આથમે છે તે બિજા દિવસે ઉગે પણ છે.

માતા પિતાને સન્માન આપશો માતા–પિતાની અપેક્ષાઓ પુર્ણ કરશો પટેલ સંકુલ જેવી સ્કુલમાં ભણવાનો મોકો મળ્યો છે. તો ભાગ્યવાન માનશો સંસ્થાનાં પ્રમુખ ટ્રસ્ટીઓ દાતાઓએ સ્થાનીક સંચાલકોએ આ સંસ્થાનો વિકાસ કર્યો છે. તે નંબર ૧ તરીકે સ્થાન ધરાવે છે. કાર્યક્રમને અંતે નિયામક મનસુખભાઈ ધાનાણીએ આભાર માન્યો તેમ સંસ્થા વતી વલ્લભભાઈ રામાણીની યાદીમાં જણાવાયું છે.

### અહેમદપુર માંડવી ચેક પોસ્ટ ઉપર ૬ દિવસ પહેલા એસીબીનાં રનીંગ ટ્રેપનાં લીધે

## ઉનાનાં પી.આઈ., એ.એસ.આઈ. અને વહીવટદાર સહિત ૩ આરોપીઓ વિરૂદ્ધ નોંધાઈ ફરિયાદ

### ઝડપાયેલ વહીવટદારને કોર્ટમાં રજૂ કરાતાં ૭ દિવસનાં રિમાન્ડ મંજુર






તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના.

ઉના, તા. ૫

ઉનાનાં અહેમદપુર માંડવી ચેક પોસ્ટ પર છ દિવસ પૂર્વે ૩૦ ડિસેમ્બરનાં રોજ ગીર સોમનાથ જિલ્લા એસીબી ટીમ દ્વારા કરવામાં આવેલ રનીંગ ટ્રેપમાં ઝડપાયેલ વહીવટદારની પૂછપરછ બાદ ઉના પીઆઈ, એ.એસ.આઈ., વહીવટદાર સહિત ત્રણ આરોપીઓ વિરૂદ્ધ પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

વિગતો એવા પ્રકારની છે કે, ઉનાના અહેમદપુર માંડવી ચેકપોસ્ટ અને અડીને આવેલ સંઘપ્રદેશ દીવમાંથી ગુજરાતમાં પ્રવેશતા વાહન ચાલકો પાસેથી ઉના પોલીસ કર્મીઓ વાહન ચાલકોને રોકી પૈસા પડાવતા હોવાના આક્ષેપો વાળી એસીબીને રજૂઆત મળેલ હોય ત્યારે એસીબી અધિકારીઓ દીવમાંથી પોતાના વાહનમાં દારૂની ખાલી બોટલમાં દારૂ જેવું કેમિકલ(પ્રવાહી) ભરી અહેમદપુર માંડવી ચેક પોસ્ટ પરનાં પોલીસ કર્મીઓને દેખાય તેમ બોટલ રાખી પસાર થતાં હોય જેને પોલીસ કર્મીઓએ ચેકપોસ્ટ પર રોકાવી પૈસા માંગતા એસીબીની ટીમે નિલેશ તડવીને ઝડપી પાડી દીવનાં ઘોઘલા ખાતેનાં સર્કિટ હાઉસ પાસેનાં પાર્કિંગ પાસે લઈ જઈ પૂછપરછ કરતા આ નિલેશે સાચી હકીકત જણાવેલ હોય અને નિલેશ તડવીની પાસે રહેલ મોબાઈલમાંથી વાતચીતનો સંવાદ મળી આવેલ હોય જેમાં નિલેશ તડવીએ ઉના પી.આઈ. એન.કે. ગોસ્વામીનો નંબર ગુરૂજી લખી સેવ કરેલ હતો. તેમાં સુરતવાળા વડોદરા વાળા સહિતનાઓ પાસેથી નિલેશ તડવીએ એટીએમમાં લઈ જઈ પૈસા લીધેલ હોય તેમજ પી.આઈ. એન.કે ગોસ્વામી રમ, ××× રમ, કાજુ ફેની દારૂ મંગાવતો હોય તેમજ નિલેશ તડવીએ ગુરૂજી(એન.કે. ગૌસ્વામી) ને કહેલ કે ધમ બાપુએ દારૂ મંગાવ્યો છે તેનાં ૨૩ હજાર થાય છે જે લેવા કે નહીં તેવું પૂછતા આરોપી એન.કે. ગોસ્વામીએ નિલેશ તડવીને ૨૩,૦૦૦ લેવાનું કહેલ હોય તેમજ આ પી.આઈ. એન.કે. ગોસ્વામી દારૂ બિયર પીતા હોય તેવા પણ મોબાઈલ ફોનનાં ફોન કોલમાં વાતચિતનાં સંવાદો મળી આવ્યા હતાં.

ત્યારે આ સંવાદો પરથી ઉનાનાં અહેમદપુર માંડવી ચેક પોસ્ટ પરનાં કર્મચારીઓ ભ્રષ્ટાચાર કરતા હોય જે અંગેની એસીબી ટીમે તપાસ કરવામાં આવતા મોબાઈલ ફોનનાં કોલ લોગ અને ડેટાની એફએસએલ દ્વારા વૈજ્ઞાનિક ઢબે તપાસ કરવામાં આવતા ભ્રષ્ટાચાર અંગેનાં વધુ પુરાવાઓ મેળવી ડીવાયએસપી બી.એમ. દેસાઈએ આરોપીને કોર્ટમાં રજૂ કરતા ઝડપાયેલ વહીવટદાર નિલેશ અભેસિંહ તડવી રહે. મોટા છીપવાડ તા. સંખેડા જી. છોટા ઉદેપુર, ઉના પોલીસ ઈન્સ્પેકટર એન.કે ગોસ્વામી ઉના પો.સ્ટે, એ.એસ.આઈ. નિલેશભાઈ છગનભાઈ વિરૂદ્ધ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ સને ૧૯૯૮ (સુધારો (૨૦૧૮) ની કલમ ૭ એ ૧૨, ૧૩ (૧), ૧૩(૨) તથા ૧૨૦બી ૩૪ મુજબ એસીબી પોલીસ મથકે ગુનો નોંધવામાં આવ્યો હતો.

તેમજ આ ગુનાની વધુ તપાસ કરનાર જે.એમ.આલ ફિલ્ડ પોલીસ ઈન્સ્પેકટર રાજકોટ હોય જેઓએ તપાસ સંભાળેલ હોય જેમાં ઝડપાયેલ આરોપી વહીવટદાર નિલેશ અભેસિંહ તડવીને ઝડપી પાડી ઉના કોર્ટમાં રજૂ કરી સરકારી વકીલ કેતનસિંહ વાળાએ ધારદાર દલીલો કરી દસ દિવસનાં રિમાન્ડ માગતા સાત દિવસનાં રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યાં હતા.

### સમાજ સેવા માટે મહત્વનું યોગદાન આપનારની વિદાય

## બાબરાનાં અઢારેય વર્ણનાં અગ્રણી અને ગરીબોનાં બેલી ગોવાદાદા મારૂનું નિધન

### દરેક સમાજનાં આગેવાનોએ શ્રધ્ધાંજલિ પાઠવી



બાબરા, તા. ૫

બાબરા તાલુકા દલિત સમાજ અને અઢારેય વરણનાં આલમ, સમાજના પીઢ આગેવાન અને ગરીબોના બેલી ગોવાભાઈ કાળાભાઈ મારૂનું તા. ૩/૧/૨૦૨૪ બુધવારનાં રોજ અવસાન થયેલ છે.

સમાજની સેવાનો અડધી રાતનો હોંકારો સૌની વચ્ચેથી ચાલ્યા ગયા છે સમાજને ન્યાય અપાવનાર જેની આજે બાબરા તાલુકા અને દલિત સમાજને મોટી ખોટ પડી છે.

''દાદા''ના દુઃખદ અવસાનથી કુટુંબ–પરિવાર અને દલિત સમાજ અને અઢારેય વરણનાં લોકો ધ્રુસકે ધ્રુસકે રડી રહ્યા છે.

ગરીબોના બેલી અને સમાજના તારણહાર જેના દુઃખદ અવસાનથી આખા પંથકમાં શોકની લાગણી ફેલાઈ છે. જેમનું જીવન સાદુ અને સરળ સ્વભાવનું જીવન જીવી ગયા. તે એકપણ સમાજને ભુલાશે નહી અચાનક દાદાની વિદાયથી સમગ્ર પંથકમાં સોંપો પડી ગયો છે અને જેમ સુરજ આથમી ગયો દાદાનું ઋણ આ સમાજ ભૂલી શકશે નહી.

જેઓ બાબરા તાલુકા પંચાયતમાં સામાજિક ન્યાય સમિતિનાં ચેરમેન પદે, લોક અદાલતમાં સભ્ય અને બાબરા તાલુકા અનુ.જાતિ સામુદાયીક ખેતી સહકાર મંડળીનાં પ્રમુખ તરીકેની સેવા આપેલ. જેમની અંતિમયાત્રામાં બહોળી સંખ્યામાં લોકો જોડાયા હતા. આ તકે સાંત્વના પાઠવવા સામાજિક–રાજકીય આગેવાનો, વેપારીઓ, દલિત સમાજ અને અન્ય સમાજના લોકોએ શ્રધ્ધાંજલિ આપી હતી.

### નાયબ દંડક કૌશિક વેકરિયાની રજુઆત સફળ

## અમરેલીનાં કમીગઢથી કેરાળા સુધીનાં માર્ગની ૧.૨૫ કરોડનાં ખર્ચે મરામત કરાશે

### માર્ગ–મકાન વિભાગે જરૂરી રકમ મંજુર કરી



અમરેલી, તા.૫

અમરેલીનાં ધારાસભ્ય અને ગુજરાત વિધાનસભાનાં નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરિયાએ પોતાનાં મતવિસ્તારનાં રસ્તાઓના કામો તાત્કાલિક ધોરણે મંજુર થાય અને વરસાદથી નુકશાન પામેલા રોડનાં રિકાર્પેટ કરવાનાં કામ જલદી હાથ ધરાય એ માટે રાજયનાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને ભારપુર્વક રજુઆત કરેલ. જે અન્વયે સરકારનાં માર્ગ અને મકાન વિભાગનાં પંચાયત હસ્તકનાં આ કામ માટે રૂપિયા ૧ કરોડ ૨૫ લાખની રકમ સરકાર દ્વારા મંજુર કરવામાં આવી છે. આ રકમમાંથી અમરેલી જિલ્લાનાં આ રસ્તાનું રિકાર્પેટ કામ ટુંક સમયમાં હાથ ધરવામાં આવશે. રસ્તાનાં નવીનીકરણનું આ કામ સંપન્ન થતા. આ વિસ્તારની જમીનને પડતી મુશ્કેલીમાંથી મુકિત મળશે. એમ કૌશિક વેકરિયાની અખબારી યાદીમાં જણાવવામાં આવેલ છે.

## કોવાયા : અલ્ટ્રાટેક સિમેન્ટ કંપનીનાં યુનિટહેડનો સ્વાગત કાર્યક્રમ યોજાયો






તસ્વીર : વાઘ સુમરા – કોવાયા

રાજુલા તાલુકાના દરિયા કિનારે આવેલ અલ્ટ્રાટેક સિમેન્ટ કંપનીનાં ભારતીય મંજદુર સંઘ દ્વારા અલ્ટ્રાટેક સિમેન્ટ કંપનીના જુના યુનિટ હેડની ફેરવેલ અને નવનિયુકત યુનિટ હેડનો સ્વાગત કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. કોવાયા દરિયા કિનારે આવેલ ચાંચુડેબાર મહાદેવનાં સાંનિધ્યમાં ભારતીય મંજદુર સંઘનાં પ્રમુખ દુલાભાઈ લાખત્રોણા અને ભારતીય મજદુર સંઘ ટીમ દ્વારા અલ્ટ્રાટેક સીમેન્ટ કંપનીનાં જુના યુનિટ હેડ ટી.વી. રાવની ફેરવેલ અને નવનિયુકત યુનિટ હેડ સંભવ વાસ્તવ અને અલ્ટ્રાટેક સીમેન્ટ કંપનીના સીઈઓ અનિસ અગ્રવાલનો સ્વાગત કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. આ કાર્યક્રમમાં અલ્ટ્રાટેક સીમેન્ટ કંપનીના સીઈઓ અનિસ અગ્રવાલ, ટી.વી. રાવ, સંભવ વાસ્તવ, મયુર ખખ્ખર, અજય, દિનેશ પાન્ડે, જય અગ્રવાલ, સંજીવ મિટાન વગેરે અધિકારીઓ ઉપસ્થિત રહયા હતા. જયારે ભારતીય મજદુર સંઘનાં પ્રમુખ દુલાભાઈ લાખણોત્રા, બાબુભાઈ આર., બીબુભાઈ ડી., જીણાભાઈ, બીજલભાઈ, સુરેશ મહારાજ તથા ભારતીય મજુદુર સંઘના તમામ કર્મચારીઓ ઉપસ્થિત રહયા હતા. ભારતીય મજદુર સંઘનાં પ્રમુખ દુલાભાઈ લાખણોત્રા અને ભારતીય મજદુર સંઘ ટીમ દ્વારા ચાંમુડેશ્વર મહાદેવનાં સાંનિધ્યમાં ફેરવેલ અને સ્વાગત કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમનાં અંતે સૌ લોકો દરિયા કિનારે આવેલ ચાંમુડેશ્વર મહાદેવનાં સાંનિધ્યમાં ભોજન લઈને છુટા પડયા હતા.

## મોટા ઉપાડે સંતો–મહંતોનાં નામ આપીને સત્તાધારીઓએ શરૂ કરાવ્યા બાદ

# સાવરકુંડલાની બન્ને શાકમાર્કેટ બની અસામાજિક તત્વોનો અડ્ડો

બન્ને શાકમાર્કેટમાં બેફામ ગંદકી, દારૂની કોથળીઓ નિહાળીને સંતોનાં ભકતોની લાગણી દુભાઈ રહી છે

બન્ને શાકમાર્કેટનો પ્રારંભ ૧૫ ઓગષ્ટ ૨૦૦૬માં થયા બાદ તેને કાર્યરત કરાવવામાં શાસકો નિષ્ફળ રહ્યાં

જનતા જનાર્દનનાં પરસેવાનાં લાખો રૂપિયાથી બનેલ બન્ને શાકમાર્કેટ સુવિધાનાં અભાવે નકામી બની

પાલિકાનાં શાસકોએ બિસ્માર બનેલ બન્ને શાકમાર્કેટ ઉપરથી સંતોનાં નામ હટાવી લેવા જોઈએ તેવી માંગ



**ખાસ રીપોર્ટ**
**પ્રતાપ ખુમાણ (બાપૂ સર)**
સાવરકુંડલા, તા. ૫

સાવરકુંડલા શહેરમાં સાવર વિભાગ અને કુંડલા વિભાગમાં ગુજરાત શહેરી વિકાસ બોર્ડ દ્વારા લાખો રૂપિયાના ખર્ચે શાકમાર્કેટ બનાવવામાં આવેલ. જે તે સમયના પાણી પુરવઠા મંત્રી અને ધારાસભ્યના હસ્તે ભવ્ય ઉદઘાટન કરી લોકાર્પણ કરવામાં આવેલ. કુંડલા વિભાગની દેવળા ગેટ શાકમાર્કેટને સતાધારનાં મહંત અને તમામ સમાજના આસ્થાનું પ્રતીક એવા મહાન સંત શામજીબાપુનું નામકરણ કરવામાં આવેલ તથા સાવર વિભાગની જેસર રોડ ફાટક શાકમાર્કેટને મહાન સંત ભોજલરામ બાપાનું નામ આપવામાં આવેલ. અત્યારે આ બંને શાક માર્કેટની હાલત જોતા આ બંને મહાત્માના અનુયાયીયો ખૂબ જ આઘાત અનુભવી રહ્યા છે અને એવી માંગણી કરી રહ્યા છે કે આ સરા જાહેર સંતોનું અપમાન થઈ રહ્યું છે. કારણ કે બંને શાકમાર્કેટ બિલ્ડીંગની હાલત બદથી બદતર છે. કુંડલા વિભાગની શાક માર્કેટમાં અંદર દાખલ થઈ ડ્ઢાસ પણ લઈ ન શકાય તેવી હાલત છે. અંદર ચારે બાજુ એક–બે નહીં પણ અસંખ્ય અંગ્રેજી શરાબની ખાલી બોટલો નજરે પડે છે. દેશી દારૂની કોથળીઓના તો જાણે ગજ ખડકાયા હોય તેવા દ્રશ્યો છે. દરરોજ રાત્રે અહીં નિયમિત દારૂની મહેફીલો મંડાતી હોય તેવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે જેને મહાન સંતનું નામ અપાયેલ છે તે બિલ્ડીંગનો જાણે શૌચાલય અને મુતરડી તરીકે ઉપયોગ થઈ રહ્યો હોય તેવી હાલતથી શ્રધ્ધાળુઓની ધાર્મિક લાગણી દુભાય રહી છે. એવી જ બદતર હાલત સાવર વિભાગ જેસર રોડ ફાટક પાસે આવેલ શાકમાર્કેટ કે જેનું નામકરણ સુપ્રસિદ્ધ ફતેપુરના મહાન સંત ભોજલરામ બાપા શાકમાર્કેટ કરવામાં આવેલ છે. આ આખી શાકમાર્કેટ ઢોરના મળમૂત્ર, છાણ, ખાતરથી ખીચોખીચ ભરેલ છે કે અંદર દાખલ પણ થઈ શકાય એમ નથી. નવાઈની વાત એ છે કે, આ બન્ને શાકમાર્કેટ ૧૫ ઓગસ્ટ ૨૦૦૬ના દિવસે ઉદ્‌ઘાટીત થયેલ છે.


૧૮ વરસથી આ હાલત છે. જાહેર જનતાના લાખો–કરોડો રૂપિયાની સરકારી ગ્રાન્ટમાંથી નિર્માણ પામેલા શાકમાર્કેટોનો જો હેતુ સીધ્ધ ન થતો હોય તો સત્તાવાળાઓએ કોઈપણ અન્ય જાહેર પ્રજાકીય હેતુ માટે આવી પડતર જગ્યાઓ શોધી કાઢી તેનો અન્ય સેવાકીય ઉપયોગ કરવો જોઈએ અથવા જાહેર હરરાજી કરી સ્વભંડોળ ઊભું કરવું જોઈએ જેથી

અનુસંધાન પાના ૬ ઉપર





















*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)